આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૫ • અંક : ૭
સળંગ અંક : ૧૦૧૯
ઓક્ટોબર - ૨૦૨૫

## શુભ દિપાવલી



## સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત ડૉ.રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુરની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકદિનની ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી.












# ઘરશાળા

વર્ષ : ૮૫

સળંગ અંક : ૧૦૧૯ ઓક્ટોબર - ૨૦૨૫


| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| સહતંત્રી : | અશોકભાઈ સોમપુરા |
| વ્યવસ્થા અને સંકલન : | કે. ડી. પટેલ |
| પરામર્શ : | અમિતાબહેન પાલખીવાલા |


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

**-: ઘરશાળા કાર્યાલય સરનામું :-**


સરસ્વતી વિદ્યામંડળ
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ
સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮

ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭
મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩


## અનુક્રમ


| | |
|---|---|
| ગાંધીનું મૂળ તત્વ | ગુણવંત શાહના પુસ્તક, 'ગાંધીની ઘડિયાળ'માંથી સાભાર /૪ |
| સંપાદકીય : નૂતનવર્ષાભિનંદન | અશોક સોમપુરા /૫ |
| તાજ | કાકાસાહેબ કાલેલકર/૭ |
| રંગ-રેખાના રાજવી | ઈશ્વર પરમાર/૧૨ |
| આઝાદીના ગર્ભમાં રહેલા નવરસ | અમિતાબેન પાલખીવાલા/૧૬ |
| ગુણવત્તાયુક્ત શિક્ષણ માટેની રચના અને કાર્યક્રમો | મનસુખ સલ્લા/૨૪ |
| બાળકમાં સર્જનશીલતા કંઈ રીતે ખીલવી શકાય? | મિત્તલ પટેલ/૨૬ |
| સમતાયુક્ત સમાજના સ્વપ્નદૃષ્ટા : કરસનદાસ મૂળજી | જયેન્દ્રસિંહ જાદવ/૨૯ |
| દિવાળી - સામાજિક સદ્ભાવનો તહેવાર | શ્યામજીભાઈ દેસાઈ/૩૧ |
| શિક્ષક રાહ બતાવે છે. | અશોક સોમપુરા/૩૪ |
| શાળા નરસંહારના કેન્દ્રો બનશે શું? | તખુભાઈ સાંડસુર/૩૬ |
| સર્વગુણ સંપન્ન શાક - કંટોલા કે કંકોડા | ડૉ. પ્રવીણ મકવાણા/૩૮ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા/૪૧ |



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication


## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | | ૫૦૦ | | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | | ૮૫૦ | | ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વૉટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.

-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઓફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)

# ગાંધીનું મૂળ તત્વ

ખલિલ જિબ્રાનની વાત કાન દઈને સાંભળીએ...

'બધા મહામાનવોની હત્યા થઈ છે :

સોક્રેટિસ, ઈસુ, જોન ઓફઆર્ક, અબ્રાહમ લિંકન... અને એ સમયે આકાશ હસી રહ્યું હતું !'

- ખલિલ જિબ્રાન

જો જિબ્રાન આજે જીવતો હોત તો ઉપરની યાદીમાં મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યુથર કિંગનાં નામો પણ હોત.

ગાંધી એક ઘટનાનું નામ છે. સૂર્ય ઊગે છે, આથમે છે, પણ વિલય નથી પામતો. ગાંધી-ઘટનાનું પણ એવું જ ગણાય. ગાંધી સાથે જોડાયેલાં કેટલાંક કેન્દ્રસ્થ તત્ત્વો શાશ્વત છે, જ્યારે કેટલીક સમયાનુકૂલ વિગતો ગૌણ છે અને અશાશ્વત છે. મહામાનવોના અનુયાયીઓની બહુ જૂની આદત છે કે પોતાના આરાધ્ય દ્વારા ઉદ્‌બોધાયેલાં કેન્દ્રસ્થ તત્ત્વોને બદલે એની સાથે જોડાયેલી ગૌણ વિગતોને વધારે મહત્ત્વ આપવું. પરિણામે બાહ્યાચારની બોલબાલા વધી પડે છે અને ખરી વાત વિસારે પડે છે. આવી દુર્ઘટનાનો પાછળથી ભોગ ન બન્યો હોય એવો એક પણ મહામાનવ હજી પૃથ્વી પર પાક્યો નથી. મહાત્મા ગાંધી એમાં અપવાદ નથી.

સામા માણસ પર છાપ પાડી શકે તેવું એક પણ બાહ્ય લક્ષણ ન ધરાવનાર મહાત્મા ગાંધીના વ્યાપક અને ઊંડા સ્વભાવનું રહસ્ય શું? એક જ શબ્દમાં જવાબ આપવો હોય તો કહી શકાય કે એમના સ્વભાવનું મૂળતત્ત્વ સત્ય હતું.

- ગુણવંત શાહના પુસ્તક,
'ગાંધીની ઘડિયાળ'માંથી સાભાર

# સંપાદકીય

**- અશોક સોમપુરા**

## નૂતનવર્ષાભિનંદન

દિવાળીનું પર્વ એટલે પ્રકાશનું પર્વ, અજવાળાનું પર્વ. આ પર્વમાં અજવાળામાં રહેલી વિશાળતા સૌને સ્પર્શે એ જનસમાજ માટે ઈચ્છવા જોગ છે. આજે રાષ્ટ્ર સારી-ભલી બાબતો અને ઘટનાઓમાંથી પસાર થઈ રહ્યું છે. ઘણીય બાબતોની પ્રગતિ આપણને આનંદ આપે છે. તો કેટલીક બાબતો આપણને સંઘર્ષ કરવા પ્રેરે છે. માનવજીવનમાં પ્રગતિની સાથે સાથે કેટલીક સમસ્યાઓ પણ છે.

આજે સામાજિક, રાજકીય અને રાષ્ટ્રીય કક્ષાની સમસ્યાઓ અને અનેક પ્રકારના પડકારો આપણી સમક્ષ છે. આ પડકારોને ઝીલવા આપણે સર્વ રીતે સક્ષમ બની રહીએ એવી અમારી શુભેચ્છા છે.

વિજ્ઞાન અને ટેકનોલોજીએ માનવજીવનને સરળ, સુખમય અને આનંદમય બનાવ્યું છે. જ્ઞાનની નવી ક્ષિતિજો વિકસી છે. વિજ્ઞાનને લીધે માણસ પાસે અપાર શક્યતાઓ અને નવી દિશાઓ ખુલી રહી છે. તેમ છતાં જીવનમાં સ્વાર્થ, જડતા, બેજવાબદારી, પૈસા અને સત્તા પાછળની આંધળી દોટ વધી છે. એવું તો કયું તત્ત્વ છે, જે આટઆટલી અનુકૂળતાઓ છતાં આપણને સર્વેના ઉત્કર્ષના ઉજાસને બદલે સ્વાર્થના અંધકાર ભણી દોરી જાય છે. અમારું એવું નમ્ર માનવું છે કે, આપણે દેશના નાગરિક તરીકે અને તંદુરસ્ત સમાજના સભ્ય તરીકે આપણી અંદરની ચેતનાને પ્રગટાવી શક્યા નથી.

પ્રકાશના આ પર્વ નિમિત્તે ગાંધીજીનું એક અવતરણ યાદ કરીએ. સઘળા ધર્મ પ્રત્યે સમાન આદર રાખનારા આપણે આવા બધા પ્રસંગો અવશ્ય ઉજવવા જોઈએ. આપણામાં રહેલી સઘળી અશુદ્ધિઓ દૂર કરીએ અને ઈશ્વર એક જ છે એનો ઉપદેશ પણ એક જ છે એ વાતને સમજીએ. આપણે જેને સત્ય અથવા ન્યાયયુક્ત માનતા હોઈએ તેને ખાતર આપણે આહુતિ આપવા તૈયાર થઈએ.

ગાંધીજીની આ વાત આપણા સૌમાં આત્મસાત થાય એવો નવા વર્ષનો આપણો સંકલ્પ રહે અને એ સિદ્ધ થાય એવી શુભેચ્છાઓ. ઘરમાં પ્રગટાવવામાં આવતા દીવાની સાથે સાથે આપણા હૃદયમાં પણ સકારાત્મક ભાવના સાથેનો દીવો પ્રગટે. ઘરનો અને હૃદયનો, આ બંને દીવાનો

પ્રકાશ સૌના જીવનમાં અજવાળાનો ઉઘાડ લાવે. આવો ઉઘાડ આપણા માટે આનંદમય, પ્રગતિમય બની રહે, એવી અમારી નવા વર્ષ નિમિત્તે સૌને હાર્દિક શુભેચ્છાઓ છે.

**ઘરશાળા** માસિકના વિશાળ વાચક વર્ગ, શુભેચ્છકો, લેખકો અને શુભચિંતકોને દિવાળીની મંગળ શુભકામનાઓ સાથે આગામી વિક્રમ સવંત ૨૦૮૨નું વર્ષ આપ સૌને સર્વ રીતે કલ્યાણકારી અને યશસ્વી નિવડે એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે.

❀ ❀ ❀

હું નહિ કરી શકું...
　　એમ કહેનાર બરાબર નથી.
હું કદાચ કરીશ...
　　એમ કહેનાર આળસુ છે.
હું પ્રયત્ન કરીશ...
　　એમ કહેનાર જાગતો લાગે છે.
હું કરી શકીશ...
　　એમ કહેનાર યોગ્ય રસ્તે છે.
મેં કામ પુરું કર્યું...
　　એમ કહેનાર જીવનનો સ્વામી છે.

❀ ❀ ❀

## મારો દેશ

'મારામાં લોભ છે, હું દેશને માટે લોભ કરીશ. મારામાં ક્રોધ છે, હું દેશને માટે ક્રોધ કરીશ. મારામાં મોહ છે, મારા દેશ માટે હું  મુગ્ધ બનીશ.'

'તમે દેશને દેવ માનીને અન્યાયને કર્તવ્ય તરીકે અને અધર્મને પુણ્ય તરીકે ચલાવી દેવા ઈચ્છો છો. દેશથી પણ ઉચ્ચસ્થાને ધર્મ રહેલો છે એમ જેઓ માનતા નથી, તેઓ દેશને પણ માનતા નથી. મારામાં જે કાંઇ મલિન છે, તે હું મારા દેશને નહિ આપું, નહિ આપું, નહિ આપું!'

- રવીન્દ્રનાથ ટાગોર

(નવલકથા : 'ઘરે-બાહિરે'નાં બે મુખ્ય પાત્રો વિમલા અને નિખિલ વચ્ચેના સંવાદમાંથી)

# તાજ

- કાકાસાહેબ કાલેલકર

હિમાલયમાં નંદાદેવીના શિખરનું જ્યારે પ્રથમ દર્શન કર્યું ત્યારે ઉપર પર્વતનું શિખર અને નીચે આકાશ જેવાં વાદળાં હોવાથી એમ જ લાગ્યું કે આ પર્વતશિખર મૈનાકની જેમ આકાશમાં ઊડે છે, આપણી ધરતી સાથે એને સંબંધ જ નથી. અને એ ભ્રમને કારણે હિમાલય પાર્થિવ નથી પણ સ્વર્ગીય વસ્તુ છે એમ જ મનમાં થયું.

પ્રખ્યાત ચિત્રકાર એડમન્ડ ડ્યુલાકે ઉમર ખય્યામની રુબાયતો માટે જે ચિત્રો ચીતર્યાં છે તેમાં પણ નીલ આકાશમાં એક મહેલનાં શિખરો અદ્ધરનાં અદ્ધર બિરાજમાન છે. જોતાંવેંત ખ્યાલ આવે છે કે આ ગંધર્વનગરી છે.

હમણાં જ્યારે દિલ્હી થઈને અબોહર (પંજાબ) ગયો હતો ત્યારે ટ્રેનમાંથી જમણી બાજુની ઝાડી ઉપર તાજનું શિખર અને એના ચાર મિનારાઓ દેખાયા હતા. તાજના ગુંબજના આરસપહાણનો જે ફિક્કો વાદળી રંગ છે એ જ રંગનું આકાશ તે દિવસે મળેલું હોવાથી બંને એકબીજામાં ભળતાં હતાં અને તાજ એટલો તો ફિક્કો લાગતો હતો કે આ પ્રત્યક્ષ તાજ નથી પણ એનું સ્મૃતિચિત્ર છે એવી મન પર છાપ પડતી.

અને એ જ છાપને કારણે તાજમહાલ ફરી ક્યારે જોઈશ એવી ઉત્કંઠા મનમાં જાગી. આનંદની વાત કે તાજે રાજી થઈ થોડા જ દિવસમાં એ મુરાદ બર આણી.

અલહાબાદથી અમે કાનપુર ગયા હતા. ત્યાં શ્રી જમનાલાલજી મળ્યા. તેઓ અમને જયપુર લઈ જવાના હતા. કાનપુરથી આગ્રા ફોર્ટના સ્ટેશન સુધી જતાં જમુનાની પેલી પારના સ્ટેશન ઉપર તાજનાં ફરી દર્શન થયાં. સૂરજ પશ્ચિમ તરફ ઢળેલો હતો. તાજ એટલો તો નજીક લાગતો હતો કે જાણે નદી ઓળંગી કે એને ભેટી પડ્યા.

તાજ પોતે સર્વાંગસુંદર છે જ. એટલે હવે માણસની બુદ્ધિ એ શોધવા પાછળ દોડે છે કે કયે ખૂણેથી એને જોયો હોય તો વધારેમાં વધારે કાવ્ય મળી શકે. અનેક રસિકોએ અનેક બાજુએથી એના ફોટાઓ લીધા છે. મેં એ બધા તો નહીં, પણ ઘણાખરા જોયા છે અને દરેકની ખૂબી પણ તપાસી છે. આ સ્ટેશનના ગુડ્ઝ પ્લેટફૉર્મ ઉપરથી તાજનું જે દર્શન થાય છે તે તેમાં ઉત્કૃષ્ટ છે એમ મને લાગ્યું. અબોહર જતાં જે ઉત્કંઠા ઉપજી હતી તે અહીંનાં દર્શનથી તૃપ્ત થઈ અને ચિત્ત શાંત થયું. ટ્રેન ઊભી હોવાથી એ દર્શન ધરાઈને થયાં હતાં. પરિણામે અતૃપ્તિને અવકાશ રહ્યો નહોતો. તાજ વિશેનું મારું બધું કાવ્ય મનમાં ફરી એક વાર જાગ્રત થયું અને એક ઉજાણી કર્યાનો આનંદ થયો.

અમે આગ્રા ફૉર્ટને સ્ટેશને આવ્યા. શ્રાવણી પૂર્ણિમાનો બીજો દિવસ હતો. વદ પ્રતિપદાને દિવસે ચંદ્રને ઊગતાં બહુ વાર લાગતી નથી, એટલે સંધ્યાની શોભા આથમતાં પહેલાં ચંદ્રિકાનું તેજ એમાં ભળી જાય છે. પરિણામે

સંધ્યા ક્યારે પૂરી થઈ અને જ્યોત્સના ક્યારે શરૂ થઈ એની ખબર જ નથી પડતી.

આવા રજનીમુખને ટાણે અમે તાજ પાસે પહોંચ્યા. રસ્તામાં ધોળી કિનારવાળો લાલ કિલ્લો મોગલ ઇતિહાસ બોલતો હતો અને એની ધરતી ઉપર અમે શાહજહાન, મુમતાઝ, જહાનઆરા અને ઔરંગઝેબને સજીવન થઈ હરતાંફરતાં જોતા હતા.

તાજને બારણે જરાક થોભ્યા વગર અંદર જવાતું જ નથી. દૃષ્ટિ ઘડીક તાજ તરફ જાય અને ઘડીકમાં જમણી બાજુનું આકાશ ચંદ્રને ક્યારે જન્મ દે છે એ કુતહૂલથી જુએ. ગઈ કાલે જ ચંદ્રે અનેક બહેનોને પોતાના ભાઈઓને રાખડી બાંધતાં જોઈ હતી. આજે એ બધી ચંદ્રાનનાઓ કેટલી ઉત્સુકતાથી એ ચંદ્રની વાટ જોતી હશે! જો વાદળાં વચમાં ન આવ્યાં હોત તો ક્યારનું ચંદ્રદર્શન થયું હોત, પણ 'જો ચુનરી મેં ઝલક કિનારી' એવાં વાદળાંઓએ અમારી અને ચંદ્રની વચ્ચે અંતરપટ તાણી અમારી ઉત્સુકતા વધારી હતી.

દરવાજામાંથી તાજ કેવો નાનો અને રૂપાળો સાવ બાળક જેવો દેખાય છે! નાનાં બાળકો જ્યારે ઠાવકાં થઈને બેસે છે ત્યારે એમના શરીરના પ્રમાણમાં એમનું માથું કાંઈક મોટું દેખાય છે. તાજનું પણ પહેલી ક્ષણે એવું જ લાગે છે. અંદર પેસીને જેમ આગળ વધ્યા તેમ તાજ મોટો અને ભવ્ય દેખાવા લાગ્યો. એનું માથું હવે પ્રમાણશુદ્ધ બની ગયું અને નીચે પાણીમાં તેનું પ્રતિબિંબ તરલ અને જીવતું જણાયું. જેટલી વાર મેં તાજ જોયો છે તેટલી વાર એની ઊંચી અને પહોળી ખુરશીની ભવ્યતા ધ્યાનમાં આવ્યા વગર રહી નથી. તાજની પ્રતિષ્ઠા પોતાના આધારે છે એ એનાથી ભુલાતું જ નથી.

પછી ધ્યાન જાય છે આકાશ તરફ આંગળી ચીંધનારા એના પ્રાર્થનાશીલ પહેરેગીર મિનારા તરફ. એ ચાર મિનારાનું અહર્નિશ રક્ષણ છે એટલે જ તાજ સુરક્ષિત છે. મધ્યરાત્રે કોઈ જાગતું ન હોય ત્યારે આ મિનારાઓ એકબીજાને 'આલબેલ' પોકારે છે.

અમે કાંઈક પાસે ગયા. અંધારું વધતું હતું. પ્રકાશ ધીમે ધીમે બહાદુરીથી પાછો હઠતો હતો. એ નિશ્ચય કરી શકતો ન હતો કે તાજને પ્રકાશિત કરવો કે ન કરવો. વધતી જતી વિસ્મૃતિમાંથી સ્મૃતિનું સહેજસાજ ઉદ્દીપન થતું હોય એવી અસર થતી.

હવે પહેલાં અંદર જવું કે પ્રદક્ષિણા કરવી? જો અમે બહુ વહેલા આવ્યા હોત તો અંધારું થતાં પહેલાં બહારની શોભા જોવાનું મન થાત, પણ અત્યારનું આકર્ષણ જુદું હતું. જરા વાર થોભીએ તો પેલો કીમિયાગર ઉપર આવશે અને તાજને સોનાચાંદીના રસથી નવરાવશે એમ અમે જાણતા હતા, એટલે તેટલી વાર માટે અમે સીધા અંદર ગયા. દીવાલ પર જે પાનફૂલની ભાત છે તે જોઈને આલ્ડસ હકસ્લીના વર્ણનનું સ્મરણ થયું. એને આ ભાત કલાશૂન્ય, બજારુ અથવા રાશી લાગી. મને પણ એક વખતે એમ જ લાગ્યું હતું. આ વખતે એટલી ખરાબ અસર ન પડી. સંધ્યાની શોભાને કારણે હશે?

છેક ગર્ભગૃહમાં અંદર પહોંચ્યા ત્યાં આરસ પહાણની જાળી દેખાઈ. પાસે જઈને જોતાં એ

જાળી ઉપર રંગબેરંગી પથરાના કકડા બેસાડી ત્યાં ફૂલપત્તીની શોભા આણી છે એમ જણાયું. એક ભાઈ દીવાસળી સળગાવીને પોતાના મિત્રને એ આખી શોભા બતાવતા હતા અને અમે એની પાછળ પાછળ એની મહેનતનો મફતનો લાભ લેતા હતા. જાળીની આસપાસ ફરતાં ફરતાં મારું ધ્યાન દીવાલ પર ગયું. ગર્ભગૃહની વચ્ચે ટીંગાડેલા ફાનસની જાળીની ભાત છાયારૂપે આસપાસની અષ્ટકોણી દીવાલ ઉપર પડી હતી. અને તેથી જાણે દીવાલની પણ જાળી જ બનાવી હોય એવું લાગતું. અંધારામાં આ બધું જોવાનો વિશેષ આનંદ આવ્યો. ગર્ભગૃહમાંથી બહાર નીકળી અમે ભોંયરામાં ગયા. અંદર ઘણા લોકોની ભીડ હતી તે બહાર નીકળ્યા પછી જ અમે અંદર ગયા. લોકોનો ઘોંઘાટ હોવા છતાં અંદરની શાંતિનો ભંગ થયેલો જણાયો નહીં. સાચી કબરો આ ભોંયરામાં છે. અહીં એ પ્રેમીયુગલ પાસે પાસે સૂતું છે. બરાબર વચ્ચે મુમતાઝમહાલની કબર છે. ઔરંગઝેબની કંજૂસાઈને લીધે શાહજહાનને પણ મૃત્યુ પછી એ જ રોજામાં પોતાની પ્રિય પત્નીની પાસે જ આરામ લેવાનો લહાવો મળ્યો. એની કબર સહેજ બાજુ પર અને જરાક ઊંચી છે. કોણ જાણે ક્યાંથી વર્ડઝવર્થની લીટી યાદ આવી.

> Tweleve steps or more, from my mother’s door, And they are side by side.

એ મુમતાઝ ગઈ. એનું અખંડ સ્મરણ કરનાર શાહજહાન ગયો. એ બેને એકત્ર સુવાડવાનું ઔચિત્ય બતાવનાર ઔરંગઝેબ પણ ગયો. અને ફક્ત એ પ્રેમકહાણી જ પાછળ રહી ગઈ. અહીં વાવેલી એ પ્રેમકહાણીમાંથી ફૂલ સમી આ કલાકૃતિ ઊગીને આકાશ તરફ અનંતકાળ માટે તાકતી રહી છે.

બૌદ્ધ લોકો ધ્યાન માટે કોઈ સરસ જળાશય અથવા લીંપી કાઢેલી જમીન અથવા એવી જ કાંઈક આકર્ષક વસ્તુ રાખે છે. એમના જમાનામાં તાજમહાલ નહોતો. નહીં તો એમનાં શાસ્ત્રોમાં ધ્યાનમૂર્તિ તરીકે તાજમહાલને પણ સ્થાન મળત. હજારો અને લાખો લોકોના એકાગ્ર ધ્યાનમાંથી આ પ્રેમકુસુમ પેદા થયું. જો સર્વવ્યાપી પ્રેમ મૂરઝાઈ જાય તો આ કુસુમ પણ મૂરઝાઈ જાય.

બહાર આવી અમે પ્રદક્ષિણા શરૂ કરી. નૈઋત્યના ખૂણામાં મિનારાની આંગળીની ટોચે એક સરસ તારો દેખાતો હતો. જાણે દિલ્હીશ્વરના મુગટમાંનો કોહિનૂર. શિખરની ટોચે તારો બેસાડવાથી શોભા કેટલી વધી છે તે લોકોએ બહુ જોયું નહીં હોય. નહીંતર લોકકથામાં અને લોકગીતોમાં એનું વર્ણન કરતાં કવિઓ કોઈ કાળે થાકત નહીં.

અમે એ નૈઋત્યના મિનારા ઉપર જ ચડ્યા. કાળીમેશ રાત ચંદ્રથી બીને આ મિનારાની અંદર ભરાઈ હતી. ઉપર જવું કે ન જવું, એની ચર્ચા બહુ કરવી ન પડી. અંધારામાં પેસી જવું, અજ્ઞાતમાં પ્રવેશ કરવો, ભવિષ્યમાં ભૂસ્કો મારવો - એ જેટલું બિહામણું છે તેટલું જ આકર્ષક પણ છે. અમે અંધારામાં ચડ્યા, એક પછી એક ચડ્યા. અનેક હોવા છતાં એક્કેનું દર્શન થતું નહોતું. એકબીજાનો સાદ સાંભળતા ઉપર ચાલ્યા. ગોળ ગોળ ચાલ્યા. પગ ચડતા જાય, હાથ દીવાલોને પૂછતા જાય, એટલામાં એક બારી આવી. હાશ કરીને અમે બહાર

નીકળ્યા. એ બારીની ઊંચાઈએ, મિનારાએ એક કટિ-મેખલા પહેરી હતી, બારીમાંથી તાજનું દર્શન કરતાં કેટલો આનંદ આવતો હતો! અંધારામાંથી પસાર થયા એને માટે જાણે બક્ષિસ કે પ્રસાદ આપતો હોય એવી રીતે તાજે પોતાનાં દર્શન દીધાં. એટલું ભાથું મળ્યું એટલે અમે નવા ઉત્સાહથી ફરી ઉપર ચડવા લાગ્યા. હવે તો પગથિયાં ટૂંકાં થવા લાગ્યાં. બીશો નહીં કરીને દીવાલો પાસે આવી. અંધારું જાડું અને ઊંડું થવા લાગ્યું. એનો છાતી પરનો ભાર વધવા લાગ્યો. એટલામાં બીજી બારી આવી. અહીંથી તાજનો જુદો જ અવતાર દેખાયો. ચંદ્ર પણ ઠીક ઠીક ઉપર આવ્યો હતો. અમારી બાજુ તાજ પર છાયા હતી. એની ડાબી કોર જ ચળકતી હતી. સગી આંખે સ્પષ્ટ જોવા છતાં કેમે કરીને વિશ્વાસ ન થાય કે જડ પથરાની બનેલી આ માનવ-કૃતિ છે. એમ જ થતું કે એક અપ્રિતમ કવિતા આંખોને દર્શન દેવા અહીં છતી થઈ છે. એમ જ હતું કે, પોતાની શાબ્દિક વ્યાખ્યા સહન ન થવાથી ઔચિત્ય પોતે જ અહીં સર્વતોભદ્ર થયું છે. આટલી બધી સુંદરતા સમજવાની, પારખવાની અને માણવાની શક્તિ પોતામાં છે એમ જોઈને અમારો પોતાના વિશેનો અભિપ્રાય બહુ ઊંચો થયો. અમે આવી કૃતિ હાથે બનાવી ન શકીએ તેથી શું? એની કદર કરવાને કારણે જ આ કૃતિના કલાધર કારીગરોની ન્યાતમાં જઈને ભળ્યાનું ગૌરવ અમને પ્રાપ્ત થતું હતું. એ ગૌરવને જોરે અમે ઉપર ચડ્યા. હવે અમારી દયા ખાવા કોઈ બારી જલદી આવી જ નહીં. ધીરજ ખૂટવા આવે ત્યાં સુધી અમે ચડ્યા અને અંતે આટલી તપશ્ચર્યાનો પૂર્ણ પ્રસાદ મેળવવા પામ્યા. અમે ટોચે પહોંચ્યા. ત્યાં ચબૂતરા તળે બેસી ચંદ્રના દર્શન કર્યાં. એ પ્રેમી ચંદ્રને સાક્ષી રાખી અમે અમારી સાયંપ્રાર્થના શરૂ કરી.

ईशावास्यमिदं सर्वम् यत्किंच जगत्यां जगत्

જેમ આ ચંદ્ર પોતાના ઉજ્જવળ ચાંદરણાથી આ આખી સૃષ્ટિને ઢાંકી દે છે, સૂતેલી સૃષ્ટિ પર પોતાની શીતળ પછેડી ઓઢાડી દે છે તેવી જ રીતે આ ચરાચર વિશ્વ ઈશ્વરી તત્ત્વથી ઢાંકી દેવું જોઈએ. એ વૈદિક ઋષિનો આદેશ આ મિનારાની ઊંચાઈ ઉપરથી પોતાના મન પર ઠસાવતાં કેટલું સહેલું લાગતું હતું! બાહ્ય શાંતિ અને હૃદયની શાંતિ એક થઈ ગઈ. હૃદયની પ્રસન્નતાએ જ જાણે આકાશના અરીસામાં વ્યક્ત થવા માટે ચંદ્રનું રૂપ ધારણ કર્યું હતું, એટલો તે વખતનો ચંદ્ર જોઈ આનંદ થયો.

અને ચાંદીની લીટી જેવી પેલી જમુના! એ તો ધ્યાનમગ્ન થઈને ચાંદરણું પીતી જતી હતી અને કૃષ્ણચંદ્રનું સ્મરણ કરતી હતી. તેમ કરતાં કરતાં 'થંભ્યાં જમુનાનાં નીર'.

યોગશાસ્ત્રનો એક સવાલ છે : સમાધિમાં પહોંચ્યા પછી માણસ ફરી દેહબુદ્ધિ ઉપર શી રીતે ઊતરે છે? મારા મનમાં પણ આ મિનારા પર પ્રશ્ન ઊઠ્યો કે અહીંના આ શાંત અદ્વૈતમાંથી શી રીતે સ્મરણ જાગ્યું કે અહીંથી અમારે વખતસર પાછા જવું છે? ત્યારે શું આ કુદરત સાથેનું અદ્વૈત બધું માયારૂપ છે અને સ્ટેશન પર જઈ પકડવાની જયપુરની ગાડી જ સત્યરૂપ છે? — કે જેથી જામેલો આ બધો અદ્વૈતાનંદ વિખેરી નાખી અમે ચડેલાં પગથિયાં રાજીખુશીથી ઊતરવા તૈયાર થયા!

નીચે ઊતરીને તાજમહાલની એક પ્રદક્ષિણા

કરી. જેમ જેમ પ્રદક્ષિણા કરતા ગયા તેમ તેમ તાજના મુખ્ય ઘૂમટમાં અમાવસ્યા, અષ્ટમી અને પૂર્ણિમા દેખાવા લાગ્યાં અને ચાર મિનારા તો એની મેળે આ ચાર પ્રકાર બનાવતા હતા. જે મિનારા પર અમે ચડ્યા હતા એના પર ચાંદરણાનું ઝાપટું જોરથી પડતું હોવાથી ત્યાં પૂર્ણિમા હતી. એ અમારે માટે પૂર્ણિમા બની હતી, આગ્નેય ખૂણાનો મિનારો એ જ કારણે અમાસ બન્યો હતો. વાયવ્ય ખૂણો અષ્ટમીની શોભા બતાવતો હતો. જ્યારે ઈશાન ખૂણાનો મિનારો તાજ પાછળ ઢંકાઈ જ ગયો હતો. સાવ ખગ્રાસ ગ્રહણ!

અમે ઉત્તર તરફ જઈ જમુનાનાં દર્શન કર્યાં. ત્યાંથી પૂર્વ તરફ વળ્યા. ત્યાં તાજના એક ગોખલામાં ઊભા રહી પૂર્વ તરફના પ્રાર્થનામંદિરના શિખર ઉપર મેં ચાંદ આણ્યો. એક બાજુની મસ્જિદ સોનાની બની ગઈ હતી. એ કાળી મસ્જિદના શિખર ઉપર ગોળ ચંદ્ર અને ચાંદના પેટમાં શિખરની સળીમાં પરોવાયેલો ગોળો એટલો તો સુંદર લાગતો હતો કે આંખોને એ ઉજાણીમાંથી ઉઠાડવાની કે ખસેડવાની હિંમત ચાલતી નહોતી. જરાક આગળ જઈને જોયું તો માથા ઉપરથી અભિજિત અમી વરસે છે. વધતા જતા ચાંદરણાને લીધે આખો તાજ એવો તો ઉઠાવદાર દેખાતો હતો કે જાણે હમણાં મોગલવંશની આખી તવારીખ બોલી બતાવશે.

તાજના એ ધોળા ઓટલા ઉપરથી અમે નીચે ઊતર્યા. ઉપર હતા ત્યાં સુધી કળાની મસ્તીમાં હતા. ઓટલા નીચે આવ્યા અને પ્રદક્ષિણા કરવા માંડી એટલે મસ્તી ઊતરી અને અંતર વધવાથી મનમાં મસ્તીને ઠેકાણે ભક્તિએ પ્રવેશ કર્યો. અહીં મિનારાઓ વધારે ગંભીર દેખાવા લાગ્યા. હવે એ અમારા ન રહ્યા પણ ગંધર્વસૃષ્ટિમાં જઈ પહોંચ્યા. નીચેથી પ્રદક્ષિણા કરતાં હવે તો કશું જોવાની તાકાત ન રહી. આંખો ધરાઈ હતી. હૈયું છલોછલ ભરાયું હતું. ભેજું વિચારોની ભીડને કારણે નક્કર બન્યું હતું. અને પગ પીધેલા માણસના જેવા જેમતેમ પડતા હતા. એ શરીરનો થાક નહોતો પણ સૌંદર્યપાનનો કેફ હતો.

પણ શું આ બધી અસર કેવળ સૌંદર્યસૃષ્ટિની હતી? ના; એમાં મુખ્ય ભાગ તો ભાવનાસૃષ્ટિનો હતો. આજે એ તાજ પાછળ કેવળ શાહજહાન અને એ મુમતાઝ નથી, પણ મોગલકાલીન ભારતવર્ષનો આદર્શ છે. પ્રાચીન કારીગરીના પ્રતિનિધિ હિંદુ શિલ્પીઓ અહીં કામ કરતા હતા. બગદાદ અને ઈસ્તંબૂલની કારીગરીને લઈ આવેલા ત્યાંના વણજારા પણ અહીં હતા અને કોણ જાણે દિલ્હીના વૈભવથી આકર્ષાઈને આવેલા કોણ ક્યા દેશના હતા અને કોણ કયા દેશના નહોતા. દરેકની બોલી જુદી, દરેકનાં સુખદુઃખ જુદાં. દરેકની અનુભૂતિ અને અભિરુચિ પણ જુદાં. છતાં એ બધાંનો અહીં અપૂર્વ અને સુભગ સંગમ થયો હતો. જે જાતની હૃદયની એકતા ભારતવર્ષ માટે આપણે ઇચ્છીએ છીએ અને જે એકતામાંથી આપણે દુનિયાની સર્વોત્તમ સેવા કરવાની મહેચ્છા સેવીએ છીએ તે અલૌકિક એકતા (સંભવ છે કે) આ કલામહોત્સવના વાતાવરણમાં એક વખતે સિદ્ધ થયેલી હતી અને એનો આ જીવતો પુરાવો અમારી નજર આગળ ઊભો છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૮ ઉપર)

# રંગ-રેખાના રાજવી

- ઈશ્વર પરમાર

બચપણમાં તો રંગ-રેખાના રાજપાટનું એમને ક્યાંથી ભાન હોય? નજરે પડતા વીંછીની પૂંછડી પકડીને એને ધારી ધારીને જોવાનું પડતું મેલીને નિશાળે ભણવા જવું પડે એ એને તો આકરી સજા જ લાગે ને? દાદા સના નેભાએ સામ-દામ અજમાવીને માંડ એ બાળકને નિશાળ ભેગો કર્યો.

આછા મલકાટ સાથે દાદા સીમમાં ગયા. બપોરા કરીને ઝાડ નીચે બેઠા હતા ત્યાં તો ચડતા શ્વાસે પેલું બાળક દાદાના ખોળામાં આવીને બેઠું! ખમીસનાં બટન ખોલ્યાં. છાતીએ ચીપકી ગયેલી ચોપડી કાઢી. તેનાં પાનાં ફેરવી ફેરવીને કહે : ''આતા, ઈવી સિતરવાળી સોપડી લે દયો તો હું નિહારી જાં. સિતરવાળી સોપડી બવ ગમસ મણી.''

''દેખાડ્ય સોપડી.''

''ઈમાં પંતે પંતે સિતર સે, આતા, જો આ છૂક છૂક ગાડી સાલી જાહ, જાણી આઘણી સોપડીની બાર નિહરેવશે.''

''હાસું હાસું પણ આ સોપડી કીંણી સે? કીણઈ દીધી? ઘાંથી લાવ્યો?''

''કોઈ આપી નેત. નિહારિયાના દક્તરમાંથી કાઢે લીધી. ઈણી ખબર નેત પડવા દીધી. તુંણી દેખાડવા લેવ્યોસ. પાસી ઈણા દફતરમાં મૂકે દેહ.''

દફતરમાં ચોપડી પાછી મેલવા જતાં એ નાનકડો જણ ઝડપાઈ ગયો. જીવામાસ્તરે એને ચોપડીનો ચોર જાણીને તમાચો ચોડી દીધો. ને તે સાથે અજાણતામાં એના ચિત્તમાં ચોડાઈ ગયાં અલકમલકનાં ચિત્રો!

આ ચિત્રપ્રેમી બાળક તે આજના રંગ-રેખાના રાજવી - અરિસિંહ રાણા. એમનો જન્મ પોરબંદરથી પચીસેક કિલોમીટર દૂર આવેલ ને બરડા ડુંગરના ખોળે બેઠેલ ખોબા જેડવા ગામ કેશવમાં. જન્મતારીખ : ૧૫મી જુલાઈ, ૧૯૨૩.

ગામડા ગામમાં અક્ષરોની ઓળખાણ તો આછીપાછી જ થવા પામી. મૂળ જીવ જ રંગ અને રેખાનો. કેશવ ગામની નિશાળમાં એકવાર બાળકોને રવાનો શીરો ને ચણાના વઘારિયાનો ભરપેટ નાસ્તો અપાયો. તે દિવસે મહારાણાસાહેબનો જન્મદિવસ હતો. નાસ્તો કરીને છોકરાં રિસેસમાં નિશાળની બહાર ગયાં. નિશાળના નવા મકાનની દીવાલો દૂધ જેવી ઊજળી હતી. નાસ્તો કરી લીધા પછી નિશાળિયા અરશી (અરિસિંહ)ને રસ પડ્યો, નિશાળની દિવાલ ચીતરવામાં. એણે કોલસો લઈને દીવાલ પર સળંગ ચિત્રો જ ચિત્રો દોરી નાખ્યાં! શિક્ષકો આ દેખીને નાખુશ થયા. તેમની હથેળીમાં ચળ ચટાકા ભરવા માંડી, પણ એક ભલા શિક્ષક મૂળુભા શિંગડિયા આ

ઊગતા ચિત્રકારનો ઉષાકાળ ઓળખી ગયા ને બાળક અરશીને સંભવિત સજામાંથી બચાવી લીધો!

અરશીએ એક કૂતરો પાળ્યો હતો. એણે સીમમાંથી હરણનું બચ્ચું પકડી લાવીને પોતાના માલિક પાસે મૂક્યું. અરશીએ તેને બકરીનું દૂધ પાઈને ઉછેર્યું. એ હળી ગયેલા હરણા સાથે અરશી રખડ્યા કરે. એકવાર હરણનું ટોળું ભાળીને બચ્ચું કૂદતુંકને તેની પાછળ ભાગ્યું ખરું પણ ટોળાંને આંબી ન શક્યું તેથી પાછું અરશી પાસે આવી ઊભું. હવે એને શિંગડાં ઊગી ગયાં હતાં. તે બીજાને મારતું થયું. છેવટે એને પાંચોરાના મંદિરમાં આપી દેવું પડ્યું. હરણ તો આપી દીધું પરંતુ તેની છટા અરશીના ચિત્તમાં એવી જડાઈ ગઈ કે હૈયાંવગું હરણું હાથે પેન્સિલ પકડતાં જ જાણે કાગળ પર હાજર થતું! આંખે પાટા બાંધીનેય અરશી હરણાં દોરી શકતો!

કિશોરવયના અરિસિંહને ભણતરના માર્ગે ચડાવવા માટે તેને પોરબંદર ખાતેની મેર બાર્ડિંગમાં દાખલ કરવામાં આવ્યો. (૧૯૩૨) તેનું નિશાળનું કુલ ભણતર નૉન-મૅટ્રિક. તેઓ પોરબંદરમાં હતા તે ગાળામાં ભાવસિંહજી હાઈસ્કૂલના આંખમાં પોઢેલા રંગ-રેખાના રાજવીને ઓળખી લીધો. એને ઉત્સાહ આપ્યો. નડિયાદમાં કલાકાર હરિપ્રસાદ જાની પાસે ચિત્રકલાનો અભ્યાસ કરવા પ્રેરણા આપી. અરિસિંહે તે રાહે જઈને ઈન્ટરમિજિયેટ ડ્રૉઈંગની પરીક્ષા પાસ કરી.

મુંબઈમાં જે.જે. સ્કૂલ ઑફ આર્ટમાં ચિત્રસાધના કરી. હાઈપેઇન્ટિંગ, એડવાન્સ પેઇન્ટિંગ, ફાઇન આર્ટ પેઇન્ટિંગ, ડિપ્લોમા ફેલોશિપ ટીચિંગ, મ્યુરલ પેઇન્ટિંગ : આમ એક પછી એક શિખરો જીવનની ત્રીસી (૧૯૫૦) સુધીમાં સિદ્ધ કર્યાં - જીવનની અનેક આંધી અને ઝંઝાવાતો સામે ઝૂઝીઝૂઝીને! આ ઝૂઝમાં કલાગુરુ જગન્નાથ અહીવાસીની હૈયારી : આ હતો આધાર! અને હતો એક પોલાદી સંકલ્પ : મેલવું નથી મુંબઈ ને જવું નથી પાછું પોરબંદર - આ સાધનાની ધારી સીમા ન આવે ત્યાં લગી.

રંગ-રેખાનું આકાશ તો વધુ ને વધુ ઊઘડતું જતું હતું પણ એક આઘાતજનક ઘટનાએ આ કલાકારની પાંખોને ઘાયલ કરી દીધી. એવું બન્યું કે -

પેઢીઓનાં પગેરાં લઈને અદાવતી આંખોએ એક પ્રૌઢ વયના મેર-મરદને શોધી કાઢ્યો. અરિસિંહના પિતાજી રાણા સવા (ડાલિયા)નું ખૂન થયું. (૧૯૫૩) ખૂનની ઘટના ક્યાં રહે છે વાંઝણી? બાપનું ખૂન થતાં દીકરો દાઢી વધારે. જ્યાં લગી ખૂનનો બદલો ખૂનથી ન લેવાય ત્યાં સુધી જંપવા ન દેતો આ શિરસ્તો!

- પણ આ કુટુંબના કુળદીપક અરિસિંહે કહી દીધું : ''આંઈ ઘડીએ ઘડીએ ઘાં લગણ ખૂન-ખરાબા કરતા રે'વા? દાઢી નેત વધારવી.''

કપાળેથી ચાંદલો ભૂંસતી મા (લાખીબહેન)એ આવું ઓચરતા દીકરા અરસીંને કહી દીધું : ''બાપનું ખૂન થીયા પસીં ભગતાઈ કરતા દીકરા કરતાં તો પેટીં પાણો જણવો હારો!''

આમ છતાં પુત્ર અરિસિંહે વેરની વાટ ન જ લીધી, એને વાટ તો લેવી હતી રંગ-રેખાની; પણ આ ગમખ્વાર ને ગોઝારી ઘટનાને લીધે પરિવાર કપરા આર્થિક સંજોગોમાં ઘેરાઈ ગયો. આ સંજોગોમાં એણે આર્ટમાસ્ટર થયા પછી (૧૯૫૪) પણ પોતાની કલાસાધનાને સંકેલીને પોરબંદરમાં વિકાસ ખાતામાં જોડાવું-જોતરાવું પડ્યું. કલાકારને આ કારકુની ક્યાંથી ફાવે?

અંતરમાં વસતો પેલો રંગ-રેખાનો રાજવી બેચેન રહેવા લાગ્યો. રાજવીને તો બહાર આવીને પોતાનું કલા-સામ્રાજ્ય જમાવવું હતું. આ અંતર-રાજવીનું મન અને માન રાખવા અરિસિંહ પોરબંદરના દરિયાકાંઠે રેતી પર મોટા ફલકનાં ચિત્રો દોરતા રહેતા. દોરાયેલાં ચિત્રો પર મોજાં પાથરતા મસ્તીખોર દરિયાને કલાકાર અરિસિંહ કહી દેતા : ''તું દરિયો, તો હું અરિસિંહ! તું મારું ચિત્ર ભૂંસીશ, એમ?'' ને પછી કાંઠે ઓટ પછી ચિત્ર દોરીને દરિયાને પડકારે : ''લે, હવે ફેરવ આ ચિત્ર પર તારું મોજું! પાછળથી નહીં હોં, અબઘડી!''

આમ કહીને પાછે પગલે પોતાના સર્જનને તાકતા કલાકાર અરિસિંહ ઘર ભણી જાય; તે પછી નિયમિત દરિયાકિનારે લટાર મારવા નીકળે, એક સ્વપ્નદ્રષ્ટા આચાર્ય - પ્ર.ત્રિવેદી. રામબા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજના પહેલા પ્રિન્સિપાલ. એમની કલાપારખું આંખોએ એ રંગ વિનાની અને છતાં રંગતવાળી રેખાઓને જોયા કરી; પ્રશ્ન થાયઃ કોણ છે આ કલાકાર? ને એક દિ' રેતીમાં લંબાવીને ચિત્રો દોરતા યુવા-ચિત્રકારને ત્રિવેદીસાહેબ મળી ગયા. એ તો ચિત્રકલાની વાતો કરતા-કરાવતા તેને પોતાની સાથે કૉલેજમાં લાવ્યા. (૧૯૫૫) પોતાની પાસે બેસાડ્યા. કાગળ-પેન્સિલ આપ્યાં પછી કહે, ''અરિસિંહ સિંહનો સરસ સ્કેચ કરો.''

અરિસિંહે એક ચિત્ર દોર્યું. સાહેબને પસંદ ન પડ્યું. બીજું દોર્યું, પસંદ ન પડ્યું. ત્રીજું નાપસંદ. ચોથું નાપસંદ. પાંચમું... છઠ્ઠું... અરિસિંહે સિંહનાં એકસો જેટલાં રેખાંકનો કર્યાં ને છેવટે ઢીલા અવાજે પૂછ્યું : ''સાહેબ, એકેય ના ગમ્યા?''

''બધા જ ગમ્યા! આ તો તમે વનરાજસિંહની કેટલી ને કેવી મુદ્રાઓ દોરી શકો છો તે કઢાવવું હતું!''

કલાપ્રેમી પ્ર. ત્રિવેદીસાહેબે પોતાની એજ્યુકેશનની કૉલેજમાં આર્ટ માસ્ટરની જગા ઊભી કરી. અરિસિંહને નિમણૂક અપાવી ને તેમની સેવા શિક્ષક-તાલીમાર્થીઓને માટે સુલભ કરી આપી. (તા.૬-૧૨-'૫૫ થી તા. ૮-૧૧-'૫૬) પ્ર. ત્રિવેદી કહેતા કે સ્ટિક-ડ્રૉઇંગની સ્કિલ વિના શિક્ષણ અસરકારક કેમ સંભવે? અરિસિંહે બી.ટી. કૉલેજના તાલીમાર્થીઓને કલાસંસ્કાર આપવા માંડ્યા. એકડા બગડાના શુષ્ક આંકડામાં પોઢતા ચિત્રસંભવને જગાવવાની જુગતી શીખવવા માંડી.

સાથોસાથ ચિત્ર-શિક્ષક તરીકે ભાવસિંહજી હાઈસ્કૂલમાં પચીસ વર્ષ (૧૯૫૬'-૮૦) લગી કાર્યરત રહીને સેંકડો કલાપ્રેમી વિદ્યાર્થીઓને પીંછી પકડતાં શીખવ્યું. શાળેય વિષય તરીકે

ચિત્રશિક્ષણ ઉપરાંત ચિત્રની બાહ્ય-પરીક્ષાની તૈયાર પણ તેઓ કરાવતા રહ્યા. ગુજરાત રાજ્યની ચિત્ર-પરીક્ષાના પ્રાશ્નિક-પરીક્ષક તરીકે વરસો લગી અનેકવાર સેવાઓ આપી. ચિત્રકલાક્ષેત્રે અનેક ઇનામો મેળવ્યાં અને અપાવ્યાં. તેઓ પ્રૌઢશિક્ષણના વર્ગો પણ ચલાવતા. કલાકાર-મિજાજને સાચવી લે તેવાં ઘીઘીબહેન (હીરીબાઈ) સાથે તેમનાં લગ્ન થયાં. (૧૯૫૭)

શાળામાં નિવૃત્તિ પછી (૧૯૮૦) પણ ખાનગી શાળાઓમાં ચિત્રશિક્ષક તરીકે સાઠી પછી પણ સેવા આપતા રહેતા આ રંગ-રેખાના રાજવીએ કેવી-કેટલી સિદ્ધિઓ હાંસલ કરી છે! દર્પણમાં જોઈને વાંચવું પડે તેવા ઊલટા અક્ષરોમાં ઝડપભેર લખી શકતા અરિસિંહ ગમે તેવી રેખાને સમાવીને સુંદર રેખાચિત્ર તત્કાળ દોરી શકે. એમણે પોતાની કલા-કૃતિઓ દ્વારા સૌરાષ્ટ્રની ગ્રામ્ય સંસ્કૃતિનાં અજવાળા દેશ-વિદેશમાં (મુંબઈ-અમદાવાદ-વડોદરા-અમેરિકા-જાપાન) પાથર્યાં છે. ન્યૂયોર્કના મ્યુઝિયમમાં એમનું ‘તોફાન’ નામનું ચિત્ર સચવાયું છે. એમનાં ચિત્રો તો કલાગુરુ રવિશંકર રાવળે, સરદાર વલ્લભભાઈએ, અભિનયસમ્રાટ પૃથ્વીરાજ કપૂરે, મહારાણી આનંદકુંવરબાએ તેમજ મહારાણા નટવરસિંહજીએ હોંશભેર સાચવ્યાં. એમણે દોરેલા ગાંધીજીના સ્કેચ પર સ્વયં ગાંદીજીએ હસ્તાક્ષર કરી આપ્યા : ‘‘ભારત મેં કલાઝંડા ફહરાના!’ અરિસિંહે સિનેમા-ક્ષેત્રે આર્ટ-ડાયરેક્ટરશિપ કરી, એ તો ‘ભૂમિભક્ત કલાકાર’ કહેવાયા.

વિશ્વબાળક, ગાડાંની શરત, બે શરણાઈવાળાઓ, દાંડિયારાસ, વાત્સલ્ય, મહેરાણી, ગાંધીજીનાં ભાવ-ચિત્રો : રંગરેખાના રાજવી અરિસિંહ રાણાનાં આવાં અનેક ચિત્રો કલાપારખુ આંખોને આજેય જકડી રાખે છે. ગુજરાતી ચિત્રકારોમાં પોતાની આગવી શૈલી સ્થાપનાર આ કલાકારે સેંકડો વિદ્યાર્થીઓને કલાસંસ્કાર વર્ગમાં તો આપ્યા છે; પરંતુ તે સિવાય કેટલાય કલાકારોને કલાસંસ્કાર આપીને દીવે દીવો પેટાવ્યો છે.

પોરબંદરની લાયન્સ ક્લબે તેમનું જાહેર સન્માન કર્યું (૧૯૭૯); ફ્રેન્ડશિપ ડેવલપમેન્ટ સોસાયટી દ્વારા પણ સન્માન થયું. (૧૯૯૨); તે પૂર્વે સને ૧૯૮૪માં સૌરાષ્ટ્ર-ગુજરાત કલાશિક્ષક સંઘ દ્વારા તેમનું સન્માન થયું હતું.

આ નમ્ર અને નિખાલસ કલાકારની સાદાઈ જોતાં એમના કલાવૈભવની કલ્પના થઈ શકે નહીં. પંચોતેરમે પહોંચતા કલાકાર અરિસિંહ આજે પણ ચિત્રોનો રિયાઝ કરતા દિવસના પાંચ-દસ સ્કેચ તો દોરે જ; સામે બેઠેલ વ્યક્તિને કાગળમાં રેખાંકન દ્વારા કેદ કરવાની કરામત કબૂલવી જ રહે; સ્કેચ કરેલ કાગળોની વીસ મણ જેટલી પસ્તી ઘરમાં કંઈ અમથી ખડકાઈ હશે? આવો કલાનો આશક ઇન્સાન સાંઢિયાના અંગભંગ અને ગતિ-વળાંકને સમજવા માટે રબારીનો વેશ લઈને વાંઢમાં રહે એમાં શી નવાઈ?

વાત ડાહ્યાં પત્ની હીરીબાઈની. સહ-અનુભૂતિ સાથે ભૂતકાળને હોંકારો દેતા અરિસિંહ રાણા કલા સંબંધે તારણો પણ

(અનુસંધાન પૃષ્ઠ ૩૫ ઉપર)

# આઝાદીના ગર્ભમાં રહેલા નવરસ

આઝાદીનો હું રૌદ્ર રસ છું.

- પાલખીવાલા અમિતા મનુભાઈ

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના સંઘર્ષની વિવિધ ઘટનાઓ, બલિદાનો અને આઝાદીના ગર્ભમાં છૂપાયેલા વિવિધ ઘટકો-નવરસમાં નિરૂપણ કરતી આ શ્રેણી વાચકોને જરૂર ગમશે.

- તંત્રી

તૂ ઝિન્દા હૈ તો ઝિન્દગી કી જીત મેં યકીન કર,
અગર કહી હૈ સ્વર્ગ તો ઉતાર લા ઝમીન પર!
હમારે કારવાં કા મંઝિલો કો ઇન્તઝાર હૈ,
યહ આંધિયોં, યે બિજલિયોં કી, પીઠ પર સવાર હૈ,
જિધર પડેંગે યે કદમ બનેગી એક નઈ ડગર
અગર કહીં હૈ સ્વર્ગ તો ઉતાર લા ઝમીન પર!
હજાર ભેષ ધર કે આઈ મૌત તેરે દ્વાર પર
મગર તુઝે ન છલ સકી ચલી ગઈ વો હારકર
નઈ સુબહ કે સંગ સદા તુઝે મિલી નઈ ઉમર
અગર કહી હૈ સ્વર્ગ તો ઉતાર લા ઝમીન પર!
ઝમીં કે પેટ મેં પલી અગન, પલે હૈં જલજલે,
ટિકે ન ટિક સકેંગે ભૂખ રોગ કે સ્વરાજ યે,
મુસીબતોં કે સર કુચલ, બઢેંગે એક સાથ હમ
અગર કહી હૈ સ્વર્ગ તો ઉતાર લા ઝમીન પર!

કવિશ્રી શંકર શૈલેન્દ્ર લિખિત આઝાદીના દિવાનાની સૌથી પ્રિય આ પંક્તિઓમાં મારી હયાતી ઝળકી રહી છે.

હું આઝાદીનો રૌદ્ર રસ છું. હું ગતિશીલ અને હિંસક છું. ભારતમુનિએ દર્શાવેલા આઠ રસોમાંથી હું મુખ્ય રસ છું. આમ તો ક્રોધમાંથી મારો જન્મ થાય છે. પણ સંરક્ષણ અને વિનાશ બંનેને હું બળ આપું છું. મારવું, તોડવું, વીંધવું, સશસ્ત્ર પ્રહાર કરવા, હત્યા, અત્યાચાર જેવી પ્રવૃત્તિઓ મારા દ્વારા જ વ્યક્ત થાય છે. માણસની અંદરના ક્રોધને હું અંગારાની જેમ ઉકાળું છું અને લાવાની જેમ પીગળાવીને પ્રગટ કરું છું.

આમ તો તમે મને વાસુકિ નાગનું બીજું રૂપ કહી શકો. કારણ કે ભયાનક, ક્રૂરતા, સંહાર, આક્રમક, ઉગ્ર, ઘોર, ખૂંખાર, ડરામણું - આ બધા સાથે મારો ઘેરો સંબંધ છે. અપશબ્દો, અપકાર, અસંતોષ, અપમાન, અન્યાય, અધર્મ, કટુવચન, નિંદા, દેશ કે ધર્મનો તિરસ્કાર વગેરેમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે, જેને રૌદ્ર રસ કહે છે. જેમાં પ્રતિશોધની ભાવના રહેલી હોય છે. પણ મારામાંથી જ તો કરુણરસની ઉત્પત્તિ થાય છે!

હું રૌદ્ર રસ છું. વિનાશનું પ્રતીક છું. સાપને ગળામાં લપેટીને લાલ ક્રોધિત આંખો સાથે

તાંડવ કરતાં શિવ સાથે આ શબ્દ જોડાયેલો છે. શિવનું સંહારક, ઉગ્ર અને આક્રમક સ્વરૂપ જ રૌદ્ર રૂપ છે. જે રાક્ષસોની ક્રૂરતા અને અત્યાચારોને સમાપ્ત કરવા માટે પૃથ્વી અને સ્વર્ગમાં અવતાર પામ્યું છે. રૌદ્ર રસ, જે ખોટાંનો સ્વીકાર નથી કરતો અને વીર રસની સાથે ચાલે છે.

'સોયની અણી જેટલું પણ નહીં આપું.' એવું કહીને મહાભારતના યુદ્ધને નોંતરનાર દુર્યોધન-ના શબ્દોમાં હું છું.'રામચરિતમાનસ'માં લક્ષ્મણ અને પરશુરામ તથા રાવણ અને અંગદના સંવાદોમાં તમે મારી ભરપૂર વ્યંજના થયેલી જોઈ શકો છો. બલિદાનની રક્તરંજિતોની અદ્ભુત કહાણીઓમાં હું છું; જેને બ્રિટિશ સરકારે 'ષડયંત્ર'નું નામ આપ્યું હતું. 'વંદેમાતરમ્' ભારતની સ્વતંત્રતા કાજે લડનારા ક્રાંતિવીરોના આ મહામંત્રમાં હું છું. હું ઈતિહાસની ક્રૂરતામાં છું. કોરચબ આશ્રમ, સાબરમતી આશ્રમ, ધોબીની પોળ - જ્યાં સ્વતંત્રતા ચળવળની વિવિધ યોજનાઓ ઘડાતી તેવા અમદાવાદના આ સ્થળોમાં હું છું. અપમાન, શોષણ અને ત્રાસનો વેરાગ્નિ મારી નસોમાં દોડે છે. અંગ્રેજોના રાજમાં દર સમયે હિંદુસ્તાનીઓની અંદર હું જ ઉછેરતો રહ્યો છું. સંથાલોએ વહેવડાવેલા લોહીમાં હું છું. ચુઆર વિદ્રોહમાં અંગ્રેજ શાસકો સાથે થયેલી અથડામણોમાં હું છું. ઇસ્ટ ઇન્ડિયા કંપની સામે અન્યાય અને શોષણની લડતમાં થયેલા કોલ વિદ્રોહ, નાગા આંદોલન અને મુંડા વિદ્રોહમાં પણ હું જ સામેલ હતો, ભારતનો ઇતિહાસ તેનો સાક્ષી છે. ૧૮૫૭નો બળવો હોય કે 'ગાંધીની બુઢ્ઢી' તરીકે જાણીતા આપણા ૭૨ વર્ષના માતંગિની હાજરા હોય, ભારતના ઇતિહાસમાં મહિલાઓનો શક્તિશાળી અવાજ બનેલા સરોજિની નાયડુ હોય કે પછી સ્વતંત્રતા ચળવળમાં અગ્રણી વ્યક્તિઓમાંના એક મેડમ કામા હોય, સશક્તિકરણનું પ્રતિક એવા રાણી લક્ષ્મીબાઈ હોય કે એમની મહિલા સૈન્ય ટુકડી દુર્ગાદળના સેનાપતિ ઝલકારીબાઈની તલવાર હોય - સ્વાતંત્ર્ય સંગ્રામની આ વીરાંગનાઓ, એમનો ક્રોધાવેશ, એમનો લલકાર, એમનો જુસ્સો, ગુસ્સો આ બધામાં હું પોતાને સાક્ષાત જોઉં છું. આઝાદી માટે તેમનું રૌદ્ર રૂપ લોકોને જોશથી ભરી દેતું હતું. તો બીજીબાજુ આ વીરાંગનાઓની તલવાર, લલકાર, ઝનૂન, જોમ, આક્રમકતા, આઝાદી માટેના મરણિયા પ્રયાસો, ક્રોધાગ્નિ એટલા તેજ હતા કે એમના રૌદ્ર રૂપથી અંગ્રેજ અધિકારીઓ પણ થરથર કાંપતા હતા.

હું તમને સૌ પ્રથમ વાત કરું બહાદુર શિવાજીની વાર્તાઓ કંઠસ્થ કરનાર મણિકર્ણિકાની. ભાલો, ઢાલ, સાબર (એક પ્રકારની વળાંકવાળી તલવાર) અને કટારી જેના મિત્રો હતા. શૌર્ય, બહાદુરી અને હિંમતના જેઓ પ્રતિક હતા. દેશની આઝાદીની ચળવળમાં દેશભક્તિ, કુરબાની અને

ચતુરાઈમાં જેઓ શ્રેષ્ઠ હતા. બાળપણમાં શાસ્ત્રો અને શસ્ત્ર શીખીને બળવાખોર નેતાઓમાં ખતરનાક હતા, જેની તલવારોની મારામારી જોઈને મરાઠાઓ રોમાંચિત થઈ ઊઠતા તેવી 'મનુ'. ના ઓળખ્યા તેમને? ભારતના સ્વાતંત્ર્ય સેનાનીઓમાંની એક, સ્વતંત્રતાના પ્રથમ યુદ્ધ તરીકે ઓળખાતા ઝાંસીની રાણીલક્ષ્મીબાઈ. ૧૮૫૭ના ભારતીય વિપ્લવના બીજા શહીદ રાણી લક્ષ્મીબાઈમાં હું પોતાને સાક્ષાત જોઉં છું.

સર હ્યુ-રોઝની કમાન્ડ હેઠળ બ્રિટિશ દળો ૧૮૫૮માં બુંદેલખંડ પ્રદેશના પશ્ચિમ ભાગમાં આવેલા ઝાંસીના કિલ્લા પર કબજો કરવાના ઈરાદા સાથે પહોંચ્યા ત્યારે તેમણે માંગ કરી હતી કે ઝાંસી રાજ્ય તેમને શરણે જાય નહીંતર તેનો નાશ કરવામાં આવશે. પણ સ્વરાજ્યને ખાતર લડનાર, સ્વરાજ્યને ખાતર મરનાર અને સ્વરાજ્યના પાયામાં પથ્થર બનનાર દેશ દુલારી લક્ષ્મીબાઈ તલવારો વીંઝવા તૈયાર હતા. માત્ર ૨૨ વર્ષની મરાઠા શાસિત ઝાંસી રાજ્યની રાણી લક્ષ્મીબાઈએ ક્રોધિત થઈને ઘોષણા કરી કે, ''મૈં મેરી ઝાંસી નહીં દૂંગી'' બ્રિટિશ સલ્તનતના આક્રમક વલણ સામે શરણે જવાને બદલે, હિંમત હાર્યા વિના ઝાંસી રાજ્યનું રક્ષણ કરવા સેનામાં સૈનિકોને સંગઠિત કર્યા. મહેલોમાં, ઝૂંપડપટ્ટીઓમાં આઝાદીની ચિનગારી લગાવી, મહિલાઓને યુદ્ધની તાલીમ આપવા સાથે તેમના જ જેવી દેખાતી ઝલકારીબાઈને તેમણે સેનામાં અગ્રણી હોદ્દો આપ્યો. પણ બ્રિટિશ સેનાએ ઝાંસીને ઘેરી લઈ કબજે કર્યું. ત્યારે રાણી ઝાંસીથી ભાગી જઈ કાલ્પી પહોંચ્યા. તાત્યા ટોપે, અલી બહાદુર, નાના સાહેબ, ઝલકારીબાઈ વગેરેનો સાથ મેળવીને બ્રિટિશ સામ્રાજ્યની સેના સાથે લડીને યુદ્ધ મેદાનમાં શહીદી પામ્યા. રાણી કાળી રાતમાં, વરસાદમાં વીજળી બનીને ત્રાટક્યા. જ્યારે તલવાર હાથમાં લીધી ત્યારે આંધી હોય કે તોફાન, પણ ક્રોધાગ્નિ એટલો તીવ્ર બનીને તેમની નસોમાં વહેતો હતો કે મારે કે પોતાને મારે રાણી ચંડિકા બનીને અંગ્રેજ હકૂમત સામે છેલ્લા શ્વાસ સુધી લડ્યા.

''આંધી ઊઠી તો ક્યા હુઆ
ઉપર અગર તૂફાન હૈ
સિર પર કફન બાંધે ખડા
તૈયાર હિન્દુસ્તાન હૈ
ચલતી રહે સો આંધિયા
હમ પર વિજય સસ્તી નહીં
હમકો ડિગાદે રાહસે
તૂફાનકી હસ્તી નહીં
જીના હમારી શાન હૈ, મરના હમારી આજ

તમે ભારતીય ક્રાંતિકારી કટ્ટર ગાંધીવાદી, લોકો દ્વારા પ્રેમથી ઓળખાતી 'વૃદ્ધ મહિલા ગાંધી' (ગાંધી બુઢ્ઢી)ને ઓળખો છો? નહીં? અરે! સવિનય આજ્ઞાભંગ ચળવળમાં, કર નાબૂદી ચળવળમાં, મીઠાનો કાયદો તોડવામાં

ભાગ લઈને ધરપકડો વહોરનાર ૭૨ વર્ષની વીરાંગના માતંગિની હાજરા. હવે તો તમને ચોક્કસ રીતે એમનું અસ્તિત્વ સાફ ઝળકી રહ્યું હશે. આઝાદી માટે લોકોને જોશથી ભરી દેતા તેમના રૌદ્ર રૂપમાં તમને મારી જ હયાતી દેખાશે. કારણ કે હું શક્તિશાળી અને પ્રબળ છું.

'ભારત છોડો' ચળવળના ભાગરૂપે, કોંગ્રેસના સભ્યોએ મેદિનીપુર જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનો અને અન્ય કચેરીઓ પર કબજો કરવાની યોજના બનાવી. જેમાંથી તામલુક જિલ્લામાં નીકળી રહેલા જુલુસમાં છ હજાર સ્વયં સમર્થકોના એક સરઘસનું નેતૃત્વ હજરા કરી રહ્યાં હતા. જેમાં મોટાભાગની મહિલા સ્વયંસેવકો હતી. ત્યારે ભારતીય દંડ સંહિતાના કલમ ૧૪૪ હેઠળ આ જુલુસને વિખેરી નાંખવા માટે પોલીસે ગોળીબાર શરૂ કર્યો, તેમ છતાં પણ તમામ સ્વયંસેવકોને પાછળ છોડીને ત્રિરંગા ધ્વજને લહેરાવતા હાજરાએ આગળ વધવાનું ચાલુ રાખ્યું. ગુસ્સાથી તમતમતા તેમના ચહેરાથી ગભરાઈને પોલીસે તેમની ઉપર ત્રણ વખત ગોળી ચલાવી. કપાળ અને બંને હાથમાં ઘા હોવા છતાં પણ હાજરાએ કૂચ કરવાનું ચાલુ રાખ્યું. 'વંદે માતરમ્', 'માતૃભૂમિની જય'નો નારો લગાવતા ભારતીય રાષ્ટ્રધ્વજને ઊંચો અને લહેરાતો રાખવા સાથે ૨૯ સપ્ટેમ્બર ૧૯૪૨ના રોજ તેઓ શહીદ થઈ ગયા. ''જીના હમારી શાન હૈ, મરના હમારી આજ, આવાઝ દેકર દેખ લો કૈસા વિજય અભિમાન હૈ.

કવિતામાં રંગ, કલ્પના, ગુણાત્મકતા, દેશભક્તિના રંગોને ભરનાર, ગાંધી દ્વારા 'ભારતની કોકિલા'નું ઉપનામ પામનાર સોરોજિની નાયડુ તેમના સાહિત્યિક સર્જનમાં જેટલા કોમળ હતા તેનાથી વધુ ઉગ્ર, રૌદ્ર અને પ્રભાવશાળી તેમનો રાજકીય અવાજ હતો.

રાષ્ટ્રવાદી ચળવળની સાથે મહિલાઓના અધિકારો, મહિલા શિક્ષણને પ્રોત્સાહન, ન્યાયબદ્ધ દલીલો, અહિંસક સત્યાગ્રહ - બ્રિટિશ રાજ વિરુદ્ધ યોજાતા સ્વાતંત્ર્ય આંદોલનની સફળતા માટે તેમણે સ્ત્રીઓના સક્રિય સહકારની તરફેણ કરી. ''મતાધિકારનો અધિકાર માનવ અધિકાર છે અને માત્ર એક લિંગનો ઈજારો નથી.'' ''સ્ત્રીઓ જ સાચી રાષ્ટ્ર નિર્માતાઓ છે.'' સ્વતંત્ર આંદોલનની સફળતા ''સ્ત્રી પ્રશ્ન'' ઉપર નિર્ભર છે. કલકત્તાની સામાજિક પરિષદ સાથે મહિલાઓના ઉત્કર્ષ અને અધિકારો સાથે તર્કસંગત વાતો કરી ભારતના ઇતિહાસમાં તેઓ મહિલાઓનો શક્તિશાળી અવાજ બન્યા. આથી જ ૧૯૨૫માં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રથમ ભારતીય મહિલા પ્રમુખ બનીને કવિતાથી રાજકરણ સુધીની સફર ખેડી. અને ત્યારથી જ મહિલાઓ આઝાદીની લડતમાં માત્ર દર્શક તરીકે નહીં પણ સક્રિય રીતે સામેલ થવા લાગી. 'ભારતના નારીવાદી દિગ્ગજોમાંના એક એવા સરોજિની નાયડુએ

૧૯૧૯માં જલિયાવાલા બાગ હત્યાકાંડાના વિરોધમાં વ્યથિત અને ક્રોધિત થઈને બ્રિટિશ રાજ તરફથી મળેલ ''કૈસર-એ-હિંદ'' ચંદ્રક પરત કર્યો. હું શારીરિક તેમજ માનસિક રીતે બધી જ લાગણીઓને પ્રગટ કરી શકું છું. આનાથી ઉત્તમ બીજું તો હું કયું ઉદાહરણ તમને આપું?

''જીના હમારી શાન હૈ, મરના હમારી આજ

આવાઝ દેકર દેખલે, કૈસા વિજય અભિમાન હૈ, તૈયાર હિન્દુસ્તાન હૈ''

શહીદીની રાહ પર કફન બાંધીને લડતી વીરાંગનાઓની રાષ્ટ્રભક્તિ આપણાં સૌના હૃદયને સ્પર્શી જાય તેવી હતી. પરંતુ આઝાદીની કૂચમાં ભારતમાતાના સપૂતોની અનંત હારમાળાઓ હજુ પણ ક્યાં પૂરી થાય તેવી છે? અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થવા માટે દેશમાં ક્રાંતિનો અવાજ પહોંચી ગયો. ગામડાઓમાં અને શહેરોમાં, જંગલોમાં અને પહાડીઓમાં, યુવાનોમાં અને વૃદ્ધોમાં પ્રાંતે પ્રાંતે ક્રાંતિની ઝાલર રણઝણવા લાગી. ત્યારે જંગલોમાં શાંતિથી રહેવાવાળા આદિવાસીઓ-એ પણ અંગ્રેજ શાસન દરમિયાન આક્રમક રૂપ ધારણ કર્યું હતું અને તે સમયે બ્રિટિશ હકૂમત સામે વિદ્રોહ કરવામાં મારું ત્યાં હોવું મને ખૂબ જ જરૂરી પણ લાગ્યું હતું.

આદિકાળથી ગાઢ જંગલો કે દુર્ગમ પ્રદેશમાં અંતરિયાળ વિસ્તારમાં વસતા આદિવાસી લોકો કે જેઓ વિશ્વફલક પર મૂળ વસાહતીઓ તરીકે ઓળખાય છે. બંગાળમાં (વર્તમાનમાં ઝારખંડનો ભાગ) ૧૭૬૬માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના જળ, જંગલ, જમીનના વિભિન્ન પ્રકારના શોષણથી ત્રસ્ત થઈને આદિવાસી જમીનદાર, ખેડૂતો વગેરે દ્વારા ૧૭૬૬ થી ૧૮૧૬ દરમિયાન જુદા જુદા સમયે, જુદા જુદા નેતૃત્વ હેઠળ આદિવાસીઓએ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન વિરુદ્ધ જોરદાર વિદ્રોહ કર્યો. જે 'ચુઆર વિદ્રોહ' તરીકે ઓળખાય છે. (ચુઆરનો અર્થ થાય છે અસંસ્કારી અથવા લૂંટારા અથવા નીચી જાતિના લોકો) આઝાદીની લડતના આ વિદ્રોહમાં મારું રૂપ એટલું ચરમસીમાએ હતું કે બ્રિટિશ સરકારે તેને કચડી નાખવા માટે સૈન્યનો આશરો લેવો પડ્યો હતો.

''દિલ મેં તૂફાનો કી ટોલી ઔર નસોમાં મેં ઈન્કલાબ

હોશ દુશ્મન કે ઉડા દેંગે, હમે રોકો ના આજ

દૂર રહુ પાએ જો હમસે દમ કહાં મંજિલ મેં હૈ,

સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ,

દેખના હૈ જોર કિતના બાજુ-એ-કાતિલ મેં હૈં

૧૮૫૫નો સંથાલ વિદ્રોહ જે 'હુલ વિદ્રોહ' તરીકે પણ ઓળખાય છે. વર્તમાન ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં ઈસ્ટ ઈન્ડિયા કંપની, જમીનદારી પ્રથા, વ્યાજખોરી પ્રથા, વિકૃત મહેસૂલી પ્રથા, મહાજનો વગેરે સામે શાંત

સંથાલો શાંત ન હોતા રહ્યા. જંગલ-જંગલ, પહાડ-પહાડ ચારેબાજુ શોરબકોર, રૂદન અને ક્રોધ... અને એક દિવસ જંગલના દાવાનળની જેમ બળવો ફાટી નીકળ્યો. આ બળવાનું નેતૃત્વ કરી રહેલા ચાર ભાઈ-બહેનો સિંધૂ, કાનૂ, ચાંદ અને ભૈરવ અને તેમની બે બહેનો ફૂલો અને ઝાનોમાં ક્રોધાગ્નિ એટલો તેજ હતો કે ૬૦,૦૦૦ સંથાલોનું દળ બનાવીને તેઓએ 'ઈસ્ટ ઈન્ડિયા કંપની' સામે બળવો કર્યો. અને અન્યાય અને શોષણની આ લડતમાં પોતાના જીવનનું બલિદાન આપ્યું.

આદિવાસીઓ પ્રકૃતિ સાથે જીવે છે, પ્રકૃતિની વચ્ચે જીવે છે, પ્રકૃતિ અને સંસ્કૃતિ સાથે સમન્વય સાધીને તેઓ જીવે છે. પરંતુ ૧૯૨૨માં અંગ્રેજ શાસકોએ ભારતના મદ્રાસ પ્રેસિડેન્સીના ગોદાવરી જિલ્લામાં (વર્તમાનમાં આંધ્રપ્રદેશ) આદિવાસી લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં લીધા વિના, મોટે ભાગે વ્યાપારી હેતુઓ જેમ કે રેલવે અને જહાજો બનાવવા માટેની પેદાશો માટે જંગલો પર નિયંત્રણ મૂકી આદિવાસીઓની જંગલમાં મુક્ત અવરજવર પર પ્રતિબંધ મૂક્યો. અને તેમને 'પોડુ' નામની તેમની પરંપરાગત ખેતી માટે અટકાવવામાં આવ્યા. જંગલોમાં શાંતિથી જીવવાવાળા આદિવાસીઓએ ક્રોધિત થઈ અંગ્રેજ શાસકો વિરુદ્ધ બળવો કર્યો, જે રમ્પા વિદ્રોહ અથવા મન્યમ બળવા તરીકે ઓળખાય છે. આ બળવામાં આદિવાસીઓ સાથે જોડાઈને હું તેમની નિકટ જ રહ્યો. (પોડુ ખેતી એટલે આદિવાસીઓ દ્વારા કરવામાં આવતી ખેતીની પરંપરાગત પદ્ધતિ, જેમાં પાક માટે જંગલના વિવિધ વિસ્તારોને બાળીને સાફ કરવામાં આવે છે.)

૧૮૩૧ (AD - Anno Domini)માં બ્રિટિશ શાસનની સ્થાપના સાથે જમીનદારો, શાહુકારો અને શાહુકારોનો જુલમ દિવસે દિવસે વધતો જતો હતો. જેઓની આજીવિકાનો મુખ્ય આધાર ખેતી અને જંગલો હતા તેવા કોલ જાતિના લોકોનું શારીરિક અને આર્થિક શોષણ થવા લાગ્યું. સ્ત્રીઓ ઉપરનાં અત્યાચારો વધવા લાગ્યા. પોલીસ સ્ટેશનો, અદાલતોએ કોઈ સહકાર આપ્યો નહીં. જ્ઞાતિના વડા લાચાર બની ગયા. આ પ્રજાનું જીવન અભિશાપ બની ગયું. ત્યારે કોલ જાતિના લોકોએ શોષણ, અસમાનતા અને અત્યાચાર સામે બ્રિટિશ સરકાર અને તેના સમર્થકો સામે સંગઠિત થઈને સશસ્ત્ર ચળવળ શરૂ કરી. જમીનદારો, શાહુકારો અને તેમની સંપત્તિનો નાશ કર્યો, સરકારી તિજોરી લૂંટી, કોર્ટ અને પોલીસ સ્ટેશન પર હુમલા કર્યા. ઝારખંડની કોલ આદિવાસી પ્રજા દ્વારા થયેલા આ બળવામાં હું સાથે જ રહ્યો. કારણ કે હું રૌદ્ર રસ છું એ રસ કે જે ખોટાનો સ્વીકાર નથી કરતો અને વીરરસની સાથે ચાલે છે. (મુંડા, ઓરાં, ભૂમિજ અને હો જાતિઓને અંગ્રેજો દ્વારા કોલ જાતિ કહેવામાં આવતી હતી.)

નાગાલેન્ડના પહાડી વિસ્તારો, મણિપુર, અરૂણાચલ પ્રદેશ, આસામના કેટલાક વિસ્તારોથી મ્યાનમાર સુધી વિસ્તરે છે. બ્રિટિશ કાળ પહેલાં તેઓનો બહારની દુનિયા સાથે કોઈ સંપર્ક નહોતો. સો (૧૦૦) જાતિઓનો સમાવેશ થતો હોય તેવી આ યોદ્ધાઓની ભૂમિ પર અંગ્રેજોએ ૧૯મી સદીમાં કબજો કર્યો અને આ પ્રદેશો પર પોતાનું નિયંત્રણ મજબૂત કરવા ૧૮૩૦ના દાયકા દરમિયાન આસામમાં અનેક અભિયાન દળોને મોકલ્યા. ૧૮૪૫માં અંગ્રેજોએ નાગા સરદારો સાથે કરેલા કરાર મુજબ નાગાઓ હુમલા રોકવા સંમત થયા. પરંતુ આ જનજાતિઓએ આસામના સરહદી વિસ્તારોમાં હુમલા ચાલુ રાખ્યા, કરારનું ઉલ્લંઘન થતું રહ્યું અને પરસ્પરના હુમલામાં અંગ્રેજોએ ઘણા નાગા ગામોમાં આગ લગાવી દીધી.

ભારતીય સ્વંતત્રતાના ઈતિહાસમાં સૌથી નોંધપાત્ર આદિવાસી બળવો એટલે મુંડા વિદ્રોહ. જે મુંડા ઉલ્ગુલન તરીકે પણ ઓળખાય છે. બ્રિટિશ રાજ દરમિયાન બંગાળ પ્રેસિડેન્સી (હાલ ઝારખંડ)માં થયેલો આ બળવો જમીનદારોના અત્યાચારોથી આદિવાસીઓ અને તેમની સંસ્કૃતિને બચાવવા માટે થયો હતો. બ્રિટિશ સંસ્થાનવાદીઓ, જમીનદારો, શાહુકારો, મિશનરીઓએ મુંડાઓની માલિકીની જમીન ઉપર કબજો કરી તેઓને ભૂમિહિન મજૂરો તરીકે કામ કરવાની ફરજ પાડી. વળી, વ્યાજના ઊંચા દર, જનજાતિય જીવનશૈલી, સામાજિક સંરચના અને જમીન સંબંધિત મામલામાં અંગ્રેજોનો હસ્તક્ષેપ, રૂઢિગત જમીન પ્રણાલિનો નાશ વગેરે મુંડા વિદ્રોહ માટે મૂળ કારણ હતા. ઉપરાંત બ્રિટિશ સરકાર દ્વારા જંગલ વિસ્તારોને સંરક્ષિત જંગલો તરીકે જાહેર કરવાથી મુંડાઓને પોતાની જમીનો પર અધિકાર ગુમાવવાની સાથે, પશુ ચરાવવા પર પણ પ્રતિબંધ લગાવ્યો.

વિપત્તિ મેં, વિરોધ મેં અડિગ રહો, અટલ રહો
વિષમ સમય કે ચક્ર મેં ભી સાહસી પ્રબલ રહો
તપા હૈ જો જલા હૈ જો ચમક ઉસી મેં આઈ હૈ
સમસ્ત તાપ-તમ મેં ભી બઢે ચલો, સફલ રહો.
બસ એક લક્ષ્ય સાધકર ગગન કી ઓર ઉડ ચલો
ઘટા ઘિરી અટૂટ હો મગર સદા પ્રબલ રહો.

- રામધારી સિંહ દિનકર

આમ ચુઆર વિદ્રોહ, સંથાલ હુલ, રમ્પા વિદ્રોહ, કોલ વિદ્રોહ, નાગા આંદોલન અને મુંડા વિદ્રોહમાં હું જ સામેલ હતો. આઝાદીની લડાઈમાં આ આદિવાસીઓ સાથે એકઠા રહેવું ત્યારે મને બહુ જ જરૂરી લાગતું હતું. વિપત્તિમાં, વિરોધમાં, વિષમ સમયમાં મેં જ તો એમનામાં સાહસ ભર્યું.

મારા હોવાનો પુરાવો આપતા અગણિત કિસ્સાઓ તમને આઝાદી પછી દેશી રાજ્યોના વિલિનીકરણમાં દેખા દેશે. જેમ કે ઓરિસ્સાના મહારાજાના મહેલમાં લોકોએ ત્યાં સુધી ઘેરાવો

કર્યો જ્યાં સુધી મહારાજાએ જોડાણ પર સહી ના કરી. જોધપુરના રાજાએ જોડાણ પહેલાં તોફાન મચાવ્યું અને તેમની પેનમાં રહેલી નાનકડી ૨૨ પોઈન્ટની પિસ્તોલ કાઢી મેનનના લમણે ધરી, હૈદરાબાદના નિઝામે ભારતમાં વિલિનીકરણની મનાઈ કરી દીધી. ત્યારે સરદાર પટેલનું સખત રૂપ જોઈને વિરોધનો વંટોળ શાંત થઈ ગયો હતો. આ સરદાર જ હતા જેના આદેશ ઉપર ૧૩ સપ્ટેમ્બર ૧૯૪૮ના રોજ ભારતીય સૈનિકોએ ઓપરેશન પૉલો શરૂ કર્યું અને પાંચમા દિવસે ૧૭ સપ્ટેમ્બરે હૈદરાબાદ ભારતનો હિસ્સો બન્યું. આઝાદી બાદ સ્વતંત્ર રજવાડુ ઈચ્છતા જમ્મુ-કશ્મીરના રાજા હરિસિંહ ભારત કે પાકિસ્તાનમાં વિલયનો નિર્ણય લઈ શક્યા નહીં. પણ પાકિસ્તાન દ્વારા કબાલીઓના શ્રીનગર પરના આક્રમણને રોકવા માટે ભારત પાસે મદદ માટે અપીલ કરી, ત્યારે રોષે ભરાયેલા ભારતના પ્રથમ ગૃહ પ્રધાન અને નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે, રાજા હરિસિંહ ભારતના વર્ચસ્વમાં જોડતા ઈન્સ્ટ્રુમેન્ટ ઑફ એક્શન' પર હસ્તાક્ષર ના કરે ત્યાં સુધી ભારતીય સૈન્યની મદદ મોકલવાનો ઈન્કાર કર્યો. જ્યારે માઉન્ટ બેટન પણ સ્વતંત્ર ઉપખંડ માટે બ્રિટિશ સૈનિકોનો ઉપયોગ કરવા સંમત નહોતા. રાજા હરિસિંહના ભારતમાં વિલય માટેના સંધિ કરાર પર હસ્તાક્ષર થયા પછી જ સરદારે શ્રીનગરને સુરક્ષિત કરવા માટે લશ્કરી કામગીરી આરંભી.

આફ્રિકામાં પ્રથમવાર તકલાદી કાયાના ગાંધીએ માર ખાધો. ત્યારથી જિંદગીના અંત સુધી અનેક લોકોનો ક્રોધ અનુભવ્યો. ગાંધીને 'અર્ધનગ્ન ફકીર' કહીને ભાંડતા વિન્સ્ટન ચર્ચિલ કે પશ્ચિમી શિક્ષણનો બહિષ્કાર કરી રહેલા ભારતીય વિદ્યાર્થીઓથી અપમાનિત થઈને ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરના લંડનમાં રહેલા મિત્ર પિયર્સને ગુસ્સામાં શાંતિ નિકેતનના આચાર્યને લખેલી ચિઠ્ઠી, ''આ અસહયોગ આંદોલનનું પરિણામ છે. ''વીરતા, ધીરતા, સ્વાભિમાન, આત્મગૌરવ, તિરસ્કાર-આ તમામ સંજોગોમાં હું દરેક સાથે જોડાયેલો રહ્યો.

હું તમને ક્યાં ક્યાં, કયા કયા સ્થળે, કઈ કઈ ઘટનાઓમાં, જુદા જુદા સમયે, ક્રાંતિવીરોમાં, બળવાખોરોમાં, શાંતિથી જીવવાવાળા આદિવાસીઓમાં, યુદ્ધમાં, વિદ્રોહમાં, લડાઈમાં, વિલયમાં, વિરોધમાં મારા અસ્તિત્વનો અસલી રંગ તમને હાજર જોવા મળશે જ, જેમાં મેં અનેકોનો સાથ નિભાવી આઝાદીના દ્વાર સુધી પહોંચાડ્યા. હું ક્રોધ છું, હું આંધી છું, હું તૂફાન છું, હું આગ છું, હું ખૂંખાર છું, ડરામણું છું, પણ લોકોની નસોમાં દોડીને જ મેં આઝાદ ભારતના ત્રિરંગાને લહેરાતો કરીને મારા અસ્તિત્વને સાર્થક કર્યું. એનો મને સંતોષ છે.

છતાં મારી તમને એક વિનંતી છે.

વિનાશક સમજીને ના તિરસ્કારશો મને,

પણ મારા રચનાત્મક પાસાને પણ જોજો તમે

# ગુણવત્તાયુક્ત શિક્ષણ માટેની રચના અને કાર્યક્રમો

**- મનસુખ સલ્લા**

(કેટલાક વિચારણીય મુદ્દાઓ)

**રચનાગત બાબતો**

૧. સંચાલકો, આચાર્યો, શિક્ષકોને અખંડ એકમ ગણવામાં આવે. સૌ ગૌરવપૂર્ણ અને અનિવાર્ય છે.

૨. લોકશાહી જીવનશૈલી શિક્ષણ સંસ્થામાં પ્રતિબિંબિત થાય. ફરજપાલન, જવાબદારી લેવાની તૈયારી, સહયોગથી કાર્ય કરવાની સૌની તૈયારી હોય.

૩. શિક્ષણ સંસ્થામાં સૌ સમયસર આવશે. પૂરો સમય હાજર રહી સક્રિય રહેશે.

૪. અધ્યાપનમાં ચાલુ જડ, નિરસ પદ્ધતિને બદલે સ્વાધ્યાય, જૂથકાર્ય, સર્વે, નિરીક્ષણ, પ્રત્યક્ષ કાર્ય, પ્રવાસ જેવી પદ્ધતિઓનો અમલ કરશે.

૫. અધ્યાપન એકમાર્ગી ન હોય. વિદ્યાર્થી સતત ભાગીદાર હોય.

૬. વિષયજૂથ મુજબ શિક્ષકો મળીને પ્રયોગો કરે. પ્રયોગશીલતા શિક્ષણનું જીવાતુભૂત તત્ત્વ છે. આચાર્યો પ્રયોગમાં પ્રોત્સાહન અને સહયોગ આપશે.

૭. શિક્ષકોની દર મહિને બેઠક મળે. તેમાં શિક્ષણના પ્રશ્નો, પ્રવાહો, વિદ્યાર્થીઓના વર્તન-વલણોના પ્રશ્નોની છણાવટ થાય.

૮. શિક્ષણકેન્દ્ર રસિક અને જીવંત બને તેવા કાર્યક્રમો યોજવા.

૯. આંતરિક મૂલ્યાંકન અનિવાર્ય બનાવવું. પરીક્ષામાં પ્રશ્નપેપર-ઉત્તરવહી સિવાયની પદ્ધતિઓનો ઉપયોગ કરવો.

૧૦. દરેક શિક્ષક સંમેલનમાં વર્ષ દરમિયાન ત્રણ પુસ્તકોનો પરિચય આપશે.

૧૧. શાળા-મહાશાળાનું પુસ્તકાલય સમૃદ્ધ હોય, પુસ્તકો વંચાય તેવું આયોજન હોય. વિદ્યાર્થીઓ પુસ્તકો સુધી પહોંચવા જોઈએ.

૧૨. સંચાલકો, વાલીઓ, આચાર્યો અને શિક્ષકો નિર્ણય કરશે કે શિક્ષણસંસ્થામાં વિદ્યાર્થીને કોઈપણ પ્રકારની શારીરિક કે માનસિક સજા નહિ જ કરે.

૧૩. દર છ મહિને વાલીસંમેલન ગોઠવવું. તેમાં શિક્ષણની ગુણવત્તાના પ્રશ્નો ચર્ચાય, વાલીઓનો તેમાં સહયોગ મેળવાય.

૧૪. શિક્ષકોના સ્વમાન અને ગૌરવનો ભંગ થતો હોય તેવા નિર્ણયો કે રજૂઆતોનો વિરોધ થાય.

૧૫. ઉત્તમ, જવાબદાર, નિષ્ઠાપૂર્વક કામગીરી કરનાર શિક્ષકોનું ગૌરવ કરવું. વાલીમંડળે તેમાં વધુ સક્રિય થવું.

૧૬. શિક્ષકોના સ્વમૂલ્યાંકન અને સજ્જતા માટેની રચના કરવી.

**કેટલાક કાર્યક્રમો :**

**૧. પ્રવાસ :** આયોજનપૂર્વકના હોય, શૈક્ષણિક હોય. દર વર્ષે ગોઠવાય.

- પગપાળા પ્રવાસને પ્રોત્સાહન અપાય. તાલુકાના મહત્ત્વના સ્થળો જોયાં હોય જ.

**૨. સાંસ્કૃતિક કાર્યક્રમ**

- દર સત્રે એક વખત સાંસ્કૃતિક કાર્યક્રમ ગોઠવાય જ.

- વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓના પ્રગટીકરણનો મોકો આપવો.

**૩. પર્વોની ઉજવણી**

- ઉજવણીમાં તમામ કક્ષાએ વિદ્યાર્થીઓ ભાગીદાર હોય.
- પર્વોમાં કેવળ રજા ન રાખતા રાષ્ટ્રીય, સામાજિક, ધાર્મિક એવાં બબ્બે પર્વોની ઉજવણી થાય.
- પર્વોની ઉજવણી વિદ્યાર્થીઓની કલાને અનુરૂપ હોય.

**૪. રમતો**

- રમતમાં ગૌરવ થાય, પરંતુ સ્પર્ધા ન હોય, ભાગીદાર તમામનું ગૌરવ થાય.
- એક વર્ગ કે સંસ્થાને એકબાજુ ન રાખવા. મિશ્ર જૂથ બનાવીને રમતનું આયોજન કરવું.
- વિદ્યાર્થીઓ જીત કરતાં ખેલદિલી અને આનંદને કેન્દ્રમાં રાખતાં શીખે તેના પર ભાર મૂકવો.

**૫. યોગાસનો**

- વિદ્યાર્થીની કક્ષા અનુસારનાં યોગાસનો પસંદ કરવાં.
- રોજબરોજના જીવન સાથે યોગાસનોનું જોડાણ કરવું.

**૬. સમૂહભોજન**

- ઘેરથી તમામ વિદ્યાર્થીઓ ભાતું લાવે. જ્ઞાતિ-વર્ણના ભેદ વિના સૌ સાથે બેસીને જમે.
- નજીકના સુંદર પ્રાકૃતિક સ્થળે જઈ શકાય.
- સત્રમાં ઓછામાં ઓછું એકવાર સમૂહભોજન ગોઠવાય.

**૭. સર્વે**

- વિદ્યાર્થીઓની કક્ષા અનુસારના સર્વે કરાવી શકાય.
- સામાજિક સ્થિતિના અભ્યાસ માટે સર્વે કરાવવાના હોય.
- નજીકના સમાજના પ્રશ્નો સમજવા અને તેના ઉકેલ શોધવા માટે સર્વે સક્ષમ માધ્યમ છે.

**૮. વિદ્યાર્થીમંડળ કે શાળાપંચાયતની રચના કરવી.**

- જવાબદારી સોંપીને વિદ્યાર્થીઓને જવાબદાર બનાવવા.
- વિદ્યાર્થીઓને બધું તૈયાર કરીને ન આપવું. કાર્યક્રમો, આયોજન, અમલ બધા અંગે તેમને વિચારવા દેવું.
- વિદ્યાર્થીઓ સરસ રીતે જવાબદારી ઉપાડી શકે છે તેવો વિશ્વાસ રાખવો.

૯. વિદ્યાર્થીમંડળ અને સમગ્ર વિદ્યાર્થીસમૂહમાં કેટલાક પ્રજાકીય મર્યાદાના નિવારણરૂપ કાર્યક્રમો અને વલણો માટેના આગ્રહો ઊભા થાય તેવી બાબતો :

૧૦. કુદરતી આપત્તિઓ વખતે વિદ્યાર્થીઓની કક્ષા અનુસાર રાહત કામગીરી કરે.

૧૧. શક્ય હોય તો વિશ્વાસ બૅંક શરૂ કરવી.

૧૨. રાષ્ટ્રીય પર્વો વખતે ગ્રામસફાઈ, કૂવા-હવેડાની આસપાસની સફાઈ કે ભીંતસૂત્ર લેખન જેવા કાર્યક્રમો યોજી શકાય.

મહત્ત્વ કાર્યક્રમની સંખ્યાનું નથી. કાર્યક્રમના સ્વરૂપ અને અમલનું છે. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓની કેળવણી થાય તે મહત્ત્વનું છે. એટલે તમામ રચના અને કાર્યક્રમો આયોજન, પદ્ધતિ, પ્રક્રિયા અને હેતુની સ્પષ્ટતા સાથે થાય તેની કાળજી લેવી જરૂરી ગણાય.

# બાળકમાં સર્જનશીલતા કઈ રીતે ખીલવી શકાય?

- મિત્તલ પટેલ (પરિભાષા)

બધું જ જ્ઞાન ગુગલ પર ઉપલબ્ધ હોય, બધી જ લોજીકલ બાબતો ટેકનોલોજીથી જ્યારે કરી શકાતી હોય ત્યારે માણસ મશીન અને ટેક્નોલૉજી પર ડિપેન્ડન્ટ બની કૃત્રિમ કે રોબોટિક તો નહીં બની જાય ને.. એ ચિંતા થવી સ્વાભાવિક છે. બાળકની વિચાશક્તિ, તેનું કોઈ પણ પરિસ્થિતિમાં અલગ રીતે વિચારી શકવાની ક્ષમતા, પોતાના સર્વાઇવલ માટે નવીન વિકલ્પો સમજી શકવાની ક્ષમતા તેઓ પોતે જાળવી, કેળવી શકશે ખરાં!! એ પ્રશ્ન બની જાય છે. ટેક્નોલૉજી સાથે યુદ્ધે ચડવાની કે તેનો વિરોધ કરવાની કે અવગણના કરવાની જરૂર નથી. તેને સંગાથે પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ, સ્વતંત્ર વૈચારિક પ્રકલ્પો, સંવેદનશીલતા, લાગણીતંત્રને સાથે લઈને જીવન જીવવાની કળા વ્યક્તિ ભૂલી ન જાય તે જરૂરી છે. કોઈ પણ ક્ષેત્રમાં ગમે એટલા આપણે પ્રગતિ કરી લઈએ, પણ જ્યાં સુધી તેની સાથે સામાજિક, માનવતાની ભાવના સાથેની નિસ્બત નહીં જોડાય ત્યાં સુધી આપણી સફળતા માત્ર ખોખલી જ રહેશે, તે સાર્થક નહીં થઈ શકે. મૌલિકતાનો ગુણ એ સર્જનશીલતાનો પાયો છે. આજે માણસ પોતાની મૌલિકતા સહજ જાળવી રાખીને જીવી શકે છે ખરો?? દંભ, દેખાડા (જે નથી એ બતાવવાના અભરખા)માં જીવતા મનેખ, પોતાની નિર્મળ જાતને મૌલિકપણે ખૂલીને રજૂ કરી શકે છે ખરો!! ગુસ્સો દબાવી સારું સારું બોલ્યા કરવું, મૌલિક સ્મિત દબાવી પ્લાસ્ટીક સ્માઈલમાં રચ્યાપચ્યા રહેવું સહજ થઈ ગયું છે. ખડખડાટ હાસ્ય જાણે હવે દુર્લભ થઈ ગયું છે, શાળામાં બાળકો પોતાના વિચારોને મૌલિકપણે વ્યક્ત કરી શકે તે માટે યોગ્ય માધ્યમ, યોગ્ય વાતાવરણ, ભાવાવરણ અને યોગ્ય તક ચોક્કસથી આપવી જોઈએ. માત્ર સ્પર્ધા તરીકે નહીં સહજ રીતે ખુલીને વ્યક્ત થઈ શકે તેવી પ્રવૃત્તિના આયોજન થવા જોઈએ. આપણે તો કોઈ પણ પ્રોજેક્ટ હોય, વકતૃત્વ સ્પર્ધા કે નિબંધ સ્પર્ધા, ગૂગલ કરીને માહિતીને સીધે સીધું લઈ બાળકોને આપી દઈએ છીએ. આવું કરીને તે પ્રક્રિયાનો હેતુ, મર્મ મારી નાખતા હોઈએ છીએ. આ બધી પ્રવૃત્તિનો હેતુ બાળકોમાં રહેલ વૈવિધ્યસભર સર્જનક્ષમતા જેનું બીજું મૌલિકતા છે તેનો વિકાસ કરવાનો છે. જે સુષુપ્ત છે, તેને જાગ્રત કરવાનું અને બહાર લાવવાનું છે. તે કોઈ હરિફાઈનો વિષય નથી. તે તો વ્યક્ત થવાનો વિષય છે.

બાળક ગોખીને કે કોઈની કોપી કરીને પ્રથમ નંબર પણ લાવી દે તેનાથી તેનામાં સર્જન ક્ષમતા નહીં જ ખીલે, મૌલિકતા નહીં પાંગરે. તે જાતે પોતાના વિચારો, પોતાના મૌલિકભાવ કોઈ જ બાહ્ય પરિબળના પડ ચડાવ્યા વગર વ્યક્ત કરતો થશે, તો તેનામાં સર્જનશક્તિનો

વિકાસ થશે. કલ્પનાશક્તિનો વિકાસ થશે. સંવાદ કરવાની ટેવ વિકસશે. કંઈક સર્જન કર્યાનો આનંદ થશે, કંઈક નવું વિચારવાનું બીજ રોપાશે. પોતીકું ઓજસ પ્રગટશે.

**બાળકોમાં સર્જનક્ષમતા વિકસાવવા માટે વર્ગખંડમાં શિક્ષકની ભૂમિકા**

બાળકમાં કંઈક નવું સર્જન કરવાની ક્ષમતા ખીલે તે માટે શિક્ષક વિવિધ સ્પર્ધાઓ જે શાળાઓમાં થઈ રહી છે જેવી કે કલામહોત્સવ, બાળમેળો, લાઈફ સ્કીલ માટેની સ્પર્ધાઓનું આયોજન કરતી વખતે તે માટેનું કન્ટેન્ટ બેઠું કશેકથી ઉઠાવીને સીધેસીધું બાળકને કોપી કરવા, ગોખવા આપી દેવાને બદલે, તેનું સહજ પોતે જ જો સર્જન કરે, પોતે જેનામાં રસ છે તે શબ્દો સ્વરૂપે લખીને, બોલીને કે કંઇક બનાવીને કે કંઈક પોતાનો નવો આઈડિયા રજૂ કરીને વ્યક્ત થાય તેવો પ્રયત્ન કરે. નંબર લાવવા પર ભાર મુકવાને બદલે બાળક જીવંત બને, મૌલિક બને - તેવા ધ્યેયથી આ પ્રવૃત્તિઓમાં ભાગ લેવડાવે. તેમને મટીરીયલ પૂરું પાડો, માધ્યમ પૂરું પાડો, પ્રોત્સાહન આપો પણ કોઈ પણ કૃતિની કોપી પેસ્ટ ન કરવા દો. એવી વૃત્તિ એમનામાં ન કેળવાવા દો. તેઓ કાવ્યની પંક્તિઓ જાતે રચે, ગીત ગમતું જાતે ગાય, રંગોળીની ડિઝાઇન જાતે સર્જે, અંતઃસ્ફુરણાથી, તોરણની રચના કશેય જોયા વગર કોપી કર્યા વગર જાતે બનાવે, વિવિધ પ્રકારના ચિત્રની માત્ર સમજ આપી, તેમને મૌલિક રીતે ચોક્કસ વિષય પર ચિત્ર પોતાની મૌલિક કલ્પનાથી દોરાવી શકાય. આવી પ્રવૃત્તિઓના વિષય એવી રીતે પસંદ કરાય કે બાળક ખૂલીને વ્યક્ત થઈ શકે. બાળક મુખર બને, વાંચળતા, વક્તાપણું ખીલે, તેના મનમાં ઊંડેથી ડર, સંકોચ દૂર થઈ ભાવસભર વિચારોને મૌલિક રીતે વ્યક્ત કરી શકે. ટોપીક એવા હોવા જોઈએ કે જે માત્ર માહિતીસભર ના હોય વૈચારિક રીતે બાળકો તેમાં પોતાના ભાવને ઢાળી શકે જેવા કે પાણી કઈ રીતે બચાવીશું? વૃક્ષો આપણા મિત્ર કઈ રીતે છે?? જો હું વડાપ્રધાન હોઉં તો?? મને કઈ કઈ રમત રમવી ગમે?''

બાળકોને તેમની કળાને પોતાના વિચારોને શબ્દ સ્વરૂપે, ભાવ સાથે જોડી, ચિત્ર સ્વરૂપે વાર્તા સ્વરૂપે વ્યક્ત કરી શકે તેવી સંભાવનાઓનું વિશ્વ સર્જી શકે કે દરેક શિક્ષકની ફરજ છે.

શિક્ષક જ્યારે બાળકનો સર્વાંગી વિકાસ સાધનાર મુખ્ય પરિબળ હોય તો તે પોતે મૌલિક સર્જનશક્તિનો, નવીન તકનીકોનો જાણકાર, મૌલિક વિચારશક્તિ ધરાવતો આત્મવિશ્વાસથી સભર, એક સારો વક્તા હોવો જોઈએ. પુસ્તકો આ માટે શ્રેષ્ઠ માધ્યમ છે. વ્યક્તિની વૈચારિક ક્ષમતા વિકસાવવા, વૈવિધ્યસભર વિષયોના પુસ્તકોનું વાંચન હોવું જોઈએ. જે વ્યક્તિને અર્થસભર, મર્મસભર સર્જન કરવા ખાતર પાણી પૂરું પાડે છે. શિક્ષક વાંચતો, મનન ચિંતન કરતો હોવો જોઈએ. તો જાતે વિદ્યાર્થીઓમાં સર્જનશીલતાનો જીર્ણોદ્ધાર કરનાર ચોક્કસ બની શકે.

**કયા પ્રકારની અધ્યાપન પદ્ધતિઓ બાળકોને સર્જનશીલ બનાવી શકે??**

માત્ર કથન પદ્ધતિથી કે માત્ર પ્રવૃત્તિઓનું,

પ્રયોગોનું નિદર્શન બાળકોની સામે કરીને તેમને માનસિક, શારીરિક અને આધ્યાત્મિક રીતે પ્રબુદ્ધ કરી શકતા નથી. અધ્યાપન પદ્ધતિ એવી હોવી જોઈએ કે બાળકો પોતે તેનામાં સામેલ થાય, તે કાર્યશીલ બને. માનસિક, વૈચારિક રીતે, ભાવાત્મક રીતે તેમાં જોડાય. એવી બાબતોમાં તેમને સામેલ કરવા પડે. કલા સમન્વિત શિક્ષણ પદ્ધતિનો અધ્યાપન કાર્યમાં ઉપયોગ કરવામાં આવે તો બાળકો નાટક ભજવીને, વાર્તા સાંભળીને, કવિતાના માધ્યમથી સર્જન ક્ષમતાનો પોતાનામાં ઉતારતા અને ખીલવતા થાય.

મૌલિકતા અને સર્જનશીલતાની ખીલવણી માટે તેમના સ્વતંત્ર વ્યક્તિત્વની, તેમનામાં રહેલ યુનિકનેશનની, એવી સ્કિલ્સ જે અન્યથી એમને અલગ બનાવતા હોય એની કદર કરવી જોઈએ. તેઓ કંઈક નવું કરવા જાય તરત તેમને ટોકતા રહેતાં અને ઉતારી પાડતા શિક્ષક અને મા-બાપ બાળકની કલ્પનાશક્તિ, મૌલિક અભિવ્યક્તિને અજાણતા પણ ડામી દેતા હોય છે. સતત થતી રોકટોક બાળકના વૈચારિક વિકાસ માટે અવરોધરૂપ બનતું સૌથી મોટું પરિબળ છે. તેને મળતું શાબ્દિક-અશાબ્દિક પ્રોત્સાહન, હકારાત્મક પ્રતિભાવ, તેમના સ્વતંત્ર વિચાર શક્તિ, વ્યક્તિગત ગુણો, ક્ષમતાઓને ખીલવવામાં ઉદ્દીપકની ગરજ સારે છે. બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષામાં નંબર લાવવાની પોતાની મહત્ત્વકાંક્ષાઓને બાળકો પર થોપવાની જગ્યાએ બાળકોના પોતાના સપનાઓને, ક્ષમતાઓને ઉડાન આપવા, ખીલવવા સતત પ્રયત્ન, મંથન તથા પ્રોત્સાહનરૂપી ખાતર આપીશું તો બાળક સર્વાંગી રીતે ચોક્કસથી ખીલશે, ઉત્કૃષ્ટ થશે અને જીવંત બનશે.

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૧ થી ચાલુ)

સીડીનો કઠેરો અથવા હાથની લાકડી જેમ જેમ વપરાય તેમ તેમ તેની સુંવાળપ વધે છે. દરેક જણના હાથની પ્રસન્નતા એના પર જેમ જેમ ફરતી જાય છે તેમ તેમ એનો ચળકાટ વધે છે. એ અનુભવ સાર્વત્રિક છે. આ તાજમહાલ ઉપર પણ અનેક જમાનાના અસંખ્ય પ્રેક્ષકોએ આવી આવીને પોતાની આંખો ફેરવી છે, એના ઉપર પોતપોતાની ભાવનાના પુલ ચડાવ્યા છે અને તેનું ગૌરવ અને એની તાજગી વધારતા ગયા છે.

જે આવે છે તે પોતાના જીવનનાનુભવનું ભાથું લઈને અહીં આવે છે. અને એ અનુભવ જેટલો ઊંડો હોય તેટલા પ્રમાણમાં આ કળાવિલાસનો અર્થ કરે છે. જાણે પ્રાચીન આર્ષવાણી ઉપર કોઈ આચાર્ય પોતાના દર્શનનું ભાષ્ય કરે છે.

જે નિર્મળ અરીસામાં જેમ માણસને પોતાનું પ્રતિબિંબ દેખાય છે અને જો એ અરીસાના પારામાં પોતાનો ગુલાબી રંગ હોય તો પોતાની મુખમુદ્રા પર જેમ કમળ ખીલે છે તેવી જ રીતે દરેક માણસ કલાકૃતિમાં પોતાના હૃદયનું ઉત્કૃષ્ટ પ્રતિબિંબ દેખી શકે છે. હૃદય જેટલું સમૃદ્ધ થશે તેટલું અહીંનું પ્રતિબિંબ ઊંડું હશે.

એટલે અહીં જે અનુભવાય છે તે આત્મદર્શનનો જ આનંદ, આત્મ-પરિચયનું સમાધાન અને આત્મવિકાસની અમરતા.

ખરેખર આ કળાકૃતિ મૃત્યુંજયની માત્રા છે, અમર પ્રેમનું લાવણ્ય છે :

यत्र तोयेषु लोलेषु चंद्रमाः साधु नृत्यति।

# સમતાયુક્ત સમાજના સ્વપ્નદૃષ્ટા : કરસનદાસ મૂળજી

- જયેન્દ્રસિંહ જાદવ

થોડા સમય પહેલાં એક બહુચર્ચિત ફિલ્મ આવી અને હાઈકોર્ટના ફરમાન પછી આ ફિલ્મ ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થઈ. આ ફિલ્મ એટલે ઓગણીસમી સદીના પ્રખર ગુજરાતી સમાજસુધારક, નીડર પત્રકાર અને લેખક કરસનદાસ મૂળજી પર બનેલ 'મહારાજ' ફિલ્મ.

કરસનદાસનું મૂળ વતન મહુવા પાસેનું વડાળ ગામ. માતાનું અવસાન થયું અને પિતાએ બીજું લગ્ન કરવાથી, મોસાળમાં માતાની કાકી પાસે ઊછર્યા. મુંબઈમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂરું કરી, સુધારાવાદી વિચારોનો અડ્ડો ગણાતી એલ્ફિન્સ્ટન કૉલેજમાં કરસનદાસ ભણ્યા એટલે તેમની સ્વતંત્ર વિચારસરણીને વધુ બળ મળ્યું.

આર્થિક ભીંસને કારણે ભણવાની સમાંતરે તેમણે શિક્ષક તરીકે નોકરી કરવી પડી. તેમના જેવા સુધારક મિજાજના જણને સામાન્ય રીતે કોઈ નોકરીએ ન રાખે. પણ સુધારાતરફી ગણાતા ભાટિયા શેઠ ગોકુલદાસ તેજપાલે તેમની ગુજરાતી નિશાળમાં નોકરી આપી.

મુંબઈમાં ૧૮૫૧માં સ્થપાયેલી 'બુદ્ધિવર્ધક હિંદુસભા'ના આરંભથી સભ્ય હતા. ખૂબ નાની વયે જ તેજતરાર તેજાબી વિચારોને કાગળ પર ઉતારવાનું શરૂ કરેલું. લેખનપ્રવૃત્તિનો આરંભ દાદાભાઈ નવરોજીના 'રાસ્ત ગોફતાર'થી થયો હતો. ઑગસ્ટ ૧૮૫૨ના 'રાસ્ત ગોફતાર'માં કરસનદાસનો પહેલો લેખ 'બાપદાદાઓની ચાલ' (એટલે કે, જૂના વખતથી ચાલ્યા આવતા રિવાજ) વિશેનો હતો.

તેમાં વીસ વર્ષના કરસનદાસે 'મારા પ્યારા દેશીઓ'ને ઉલ્લેખીને સ્પષ્ટતા કરી છે કે આપણી ખરાબ રૂઢિ કાઢીએ અને અંગ્રેજોની સારી રૂઢિ દાખલ કરીએ તો તેમાં અંગ્રેજોની નકલ કરી છે, એવું ન ગણાય. આ દૃષ્ટિએ તે નર્મદ અને મહિપતરામના સમકાલીન અને અને સમવિચારી હતા. 'બુદ્ધિવર્ધક હિંદુ સભા'માં પણ તેમણે આવી રહેલા સુધારા અને વર્તમાન બદીઓ વિશે નિબંધો વાંચવાનું શરૂ કર્યું.

કરસનદાસે ઑગસ્ટ ૧૮૫૨માં 'દેશાટણ' વિશે નિબંધ લખેલ. એ એમનો પહેલો વ્યાખ્યાન લેખ બુદ્ધિવર્ધક હિંદુ સભા સમક્ષ વાંચ્યો અને બીજે વર્ષે તે પ્રસિદ્ધ થયો. પરદેશમાં રહીને પણ દેશીઓ પોતાનો ધર્મ પાળે છે. તેથી તેમણે હિંદુ જ્ઞાતિઓના આગેવાનોને વિનંતી કરી હતી કે તેઓ વિલાયત જનારાઓને નાત બહાર ન મૂકે. 'વિધવાપુનર્લગ્ન' વિષય પર યોજાયેલી નિબંધ હરિફાઈમાં જોડાવાને કારણે કરસનદાસને કાકીએ ઘરમાંથી કાઢી મૂક્યા. ત્યારે કરસનદાસ અને તેમનાં પત્ની ચૂપચાપ નીકળી ગયાં હતાં.

નાતબહાર મુકાવાની તેમને જરાય બીક ન હતી અને એક વાર મુકાયા પછી કુટુંબીઓ-સ્નેહીઓના દબાણથી પ્રાયશ્ચિત કરીને પાછા ફરવાની તૈયારી ન હતી. તે વરસે કવિ નર્મદ કૉલેજના પ્રથમ વર્ષમાં, કરસનદાસ બીજા વર્ષમાં તથા મહિપતરામ રૂપરામ ત્રીજા વર્ષમાં ભણતા હતા. તે સમયની બૌદ્ધિક તથા સામાજિક પ્રવૃત્તિમાં, આ ત્રિપુટી સાથે હતી.

કરસનદાસે ૧૮૫૫માં પોતાનું સામયિક 'સત્યપ્રકાશ' શરૂ કર્યું. ત્યારબાદ થોડો સમય ડીસા ખાતે નોકરી મળતાં 'સત્યપ્રકાશ' મહીપતરામ નીલકંઠને સોંપી ડીસા રહેવા આવેલા. મુંબઈના દરિયાના મોજાં સામે લડવાની આદતને લીધે ડીસામાં ન ફાવ્યું અને પાછા મુંબઈ ગયા. કરસનદાસે ૨૧ સપ્ટેમ્બર, ૧૮૬૦ના રોજ તેમનો જાણીતો લેખ 'હિન્દુનો અસલ ધરમ અને હાલના પાખંડી મતો' પ્રગટ કર્યો. આ લેખમાં તેમણે મહારાજોના અયોગ્ય કાર્યો જાહેર કર્યા.

આ લેખને કારણે વૈષ્ણવ આચાર્ય જદુનાથજી મહારાજે કરસનદાસ પર રૂપિયા ૫૦,૦૦૦ નો બદનક્ષીનો દાવો માંડ્યો; જેનો અહેવાલ 'મહારાજ લાયબલ કેસ' નામે પ્રગટ થયેલો. મહારાજ લાયબલ કેસ ૨૮ વર્ષના યુવાન કરસનદાસની અગ્નિપરીક્ષાનો અધ્યાય હતો અને તે તેમના જીવનનો કીર્તિસ્તંભ પણ બની રહ્યો.

કરસનદાસ માધવદાસે ઇંગ્લેન્ડમાં પોતાની પેઢી ખોલી હતી. તેનો વહીવટ સંભાળવા તેમણે કરસનદાસ મૂળજીને સને ૧૮૬૩માં ઇંગ્લેન્ડ મોકલ્યા. દાદાભાઈ નવરોજી ઇંગ્લેન્ડના વડાપ્રધાનની મુલાકાતે તેમને લઈ ગયા હતા. ૧૮૫૭માં ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ સ્ત્રીઓનું સામયિક 'સ્ત્રીબોધ' પ્રગટ થયું. બે વર્ષ સુધી તેના તંત્રી હતા. તેમના વિદ્વાન મિત્ર ડૉ. જૉન વિલ્સને ૧૮૬૭માં કરસનદાસને રાજકોટમાં કાઠિયાવાડ પૉલિટિકલ એજન્ટના મદદનીશ તરીકે નિયુક્ત કરાવ્યા.

રાજકોટથી એપ્રિલ, ૧૮૭૦માં તેમની બદલી લીંબડી થઈ. ત્યારે તેમને રાજકોટમાં ભવ્ય વિદાય આપવામાં આવી. તે સમયે તેમને અર્પણ થયેલા માનપત્રો ઉપરથી જાણવા મળે છે કે રાજકોટમાં પુસ્તકાલય, શાકમાર્કેટ તથા અનાજ માર્કેટ બંધાવવામાં તેમણે મુખ્ય ભાગ ભજવ્યો હતો. તેમણે લખેલ સચિત્ર ગ્રંથ 'ઇંગ્લેન્ડમાં પ્રવાસ' ગુજરાતી પ્રવાસ સાહિત્યમાં અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ઇંગ્લૅન્ડના મહત્ત્વના સ્થળોનાં વિવિધરંગી ચિત્રો ધરાવતો આ ગ્રંથ ત્યાંની પ્રજા, સંસ્કૃતિ અને તત્કાલીન સામાજિક-રાજકીય પરિવેશ વિશેના લેખકનાં નિરીક્ષણોને વિગતે નિરૂપેલ છે.

ગુજરાતી ભાષા માટે અનન્ય પ્રેમ ધરાવનાર કરસનદાસે આશરે ૧૦,૦૦૦ શબ્દો ધરાવતો શાળોપયોગી લઘુકોશ 'ધ પૉકેટ ગુજરાતી-ઇંગ્લિશ ડિક્શનરી' એમનું મહત્ત્વનું પ્રદાન છે. 'મહારાજ' ફિલ્મ જોતાં આપણને નાસ્તિક લાગતા કરસનદાસે નીતિ વચન પુસ્તકમાં પોતે ઈશ્વર પર અતૂટ શ્રદ્ધા ધરાવતા હોવાનું લખ્યું છે. એક વાર બીમારીને કારણે શરીર કમજોર થતાં ડૉક્ટરે તેમને માંસાહાર કરવાનું કહ્યું ત્યારે

(અનુસંધાન પૃષ્ઠ ૩૭ ઉપર)

# દિવાળી - સામાજિક સદ્ભાવનો તહેવાર

- શ્રી શ્યામજીભાઈ એમ. દેસાઈ

''સપનાઓની રંગોળી બનાવી,
એકબીજા સાથે હળીમળીને,
પ્રેમનો રંગ ભરી દઈએ,
હાલ દિવાળી કરી લઈએ.'' - અજ્ઞાત

ભારત તહેવારોની તાપસભૂમિ કહેવાય છે. અહીં વર્ષ દરમિયાન દરેક ઋતુમાં, દરેક પ્રાંતમાં અને દરેક ધર્મમાં જુદા-જુદા તહેવારો મનાવવામાં આવે છે. એ તહેવારોમાં દિવાળીનો તહેવાર લોકપ્રિય, આનંદદાયક અને સર્વસ્વીકૃત માનવામાં આવે છે. આ તહેવાર માત્ર દીવા પ્રગટાવવાનો કે ફટાકડા ફોડવાનો જ પ્રસંગ નથી, પરંતુ તે સમાજમાં પ્રકાશ, એકતા, સહકાર, પરોપકાર, જવાબદારીઓ, કર્તવ્ય, નિષ્ઠા અને સૌહાર્દનો સંદેશ આપનાર છે. દરેક પરિવારની મોભી વ્યક્તિ કુટુંબ-પરિવારની ખુશી માટે મન મૂકીને સમય, સંપત્તિ અને ઊર્જા વાપરે છે. સામે પક્ષે સહભાગીદારી દ્વારા સ્નેહ, સમર્પણ અને ઔદાર્યની આપ-લે થાય છે. માટે દિવાળીનો તહેવાર સાચા અર્થમાં સામાજિક સદ્ભાવનો તહેવાર કહેવાય છે.

- **પર્વની પૃષ્ઠભૂમિ - તહેવારની તહેકીકાત :**

''યુગો યુગોથી મથે છે દીવો, નોંધાવી ફાળો!
અંદરથી અજવાળો ખુદને, અંદરથી અજવાળો!''

દિવાળી તહેવારનો સંબંધ અનેક ધાર્મિક કથાઓ સાથે જોડાયેલો છે. જુઓ.

- **હિંદુ ધર્મ પ્રમાણે** - ભગવાન શ્રીરામ, રાવણનો સંહાર કરીને અયોધ્યામાં પરત ફર્યા ત્યારે અયોધ્યાવાસીઓએ દીવા પ્રગટાવીને તેમનું સ્વાગત કર્યું. તે દિવસથી દિવાળી ઉજવવાની પ્રથા શરૂ થઈ.
- **લક્ષ્મી પ્રાગટ્ય કથા** - સમુદ્ર મંથન વખતે માતા લક્ષ્મી સમુદ્રમાંથી બહાર આવ્યાં હતાં. એટલે દિવાળી સમૃદ્ધિ અને સુખનું પ્રતીક મનાય છે.
- **જૈન ધર્મ મુજબ** - આ દિવસે ભગવાન મહાવીરને નિર્વાણ પ્રાપ્ત થયું. એટલે આ દિવસ જૈન સમાજ માટે મહત્ત્વનો છે.
- **શીખ ધર્મ મુજબ** - ગુરુ હરગોવિંદજીને જેલમાંથી મુક્ત કરાયા. એટલે એ બંદી છોર દિવસ કહેવાય છે.
- **નેવાર બૌદ્ધ ધર્મ મુજબ** - લક્ષ્મી પૂજન દિવસ તરીકે શક્તિ પૂજનનો દિવસ ગણાય છે વગેરે વગેરે. આ રીતે કેટલાક ધર્મો દિવાળીને પોતાના ઐતિહાસિક પ્રસંગો સાથે જોડે છે, જેના કારણે આ તહેવાર સહજ સ્વીકાર્ય બન્યો છે.

- **દિવાળી તહેવારની ઉજવણીની રીત :**

''કોઈની આંખમાં એકાદ-બે સ્વપ્નોની રોનક
થાય, મનાવીએ એ રીતે આ વર્ષ, ચાલો
દિવાળીને.''

દિવાળી આવતાં જ સમાજમાં વિશેષ ચહલપહલ જોવા મળે છે.

- તહેવાર નિમિત્તે લોકો પોતાના ઘરોની સફાઈ, રંગરોગાન કરે છે અને વૈયક્તિક તથા ઘરની જરૂરી વસ્તુઓ ખરીદે છે.
- મીઠાઈ, નાસ્તો અને ભેટો તૈયાર કરવામાં આવે છે.
- ઘરોમાં રંગોળી દોરીને દીવા પ્રગટાવવામાં

આવે છે.

- લક્ષ્મી-સરસ્વતી, ગણેશજીની પૂજા કરવામાં આવે છે.
- વેપારીઓ નવાં ખાતા-વહી ખોલીને નવા વર્ષની શરૂઆત કરે છે.
- ઘર, સોસાયટી, મંદિર, કાર્યસ્થળ અને ગામને શણગારે છે.

આ રીતે આ તહેવાર ઘરની સાથે સમાજમાં પણ નવો ઉત્સાહ અને અખૂટ ઊર્જા ભરે છે. અહીં સુધી બરાબર છે. પણ....!!

**● સામાજિક સદ્‌ભાવનું પ્રતીક :**

''સૌની ભીતર પડ્યો હોય છે એક ચમકતો હીરો,
ચલો શોધીએ ભીતર જઈને ખુદની તેજ લકીરો.''

દિવાળી માત્ર ઘરની અંદરનો તહેવાર નથી, તે સમાજના દરેક વર્ગને સાથે લઈને ચાલવાનો પ્રસંગ છે. એ આર્થિક, ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક રીતે સાર્વજનિક-સાર્વત્રિક સદ્‌ભાવ-સૌહાર્દનો તહેવાર કહેવાય છે.

**● આર્થિક રીતે સહિયારો તહેવાર :** ગરીબ-અમીર,નોકરીયાત-વેપારી, શિક્ષિત અશિક્ષિત, ગામ-શહેર સૌ કોઈ આ તહેવારમાં સ્વેચ્છાએ તહેવાર નિમિત્તે ખરીદ-વેચાણમાં જોડાય છે. કુંભારીકામ, વાળંદકામ, દરજીકામ, કલરકામ, સફાઈકાર્ય, ધોબીકામ, સુથારીકામ, રંગારા, માળી, મોચી, દરજી, કંદોઈ, વણાટકામ, યાંત્રિકકામ, હુનરમંદ વર્ગ, વેપારી, ખેડૂત, મજૂર, પશુપાલક વગેરે દરેક નાનાં-મધ્યમ વર્ગના વ્યક્તિઓના અર્થોપાર્જન કાર્ય તથા લઘુ-મધ્યમ કક્ષાના ઉદ્યોગમાં ચેતનાનો સંચાર કરે છે, ખરીદ-વેચાણ કામ કરનારાઓનો ધંધો ખીલી ઊઠે છે. સૌના સાહિયારા પુરુષાર્થનો અવસર છે.

**● સામાજિક સદ્‌ભાવ સંચરણ :** આપસી સંબંધ અને નાના વ્યક્તિઓને મીઠાઇઓ વહેંચવાથી સંબંધોમાં મીઠાશ આવે છે. પર્વની સહભાગીદારીને લીધે સ્નેહ, સમર્પણનો માર્ગ ઉઘાડો થાય અન્યોન્ય માનવીય વ્યવહારને કારણે આ તહેવાર શાંત, સાહસી, સહનશીલ, દયાળુ અને પરોપરકાર જેવા ગુણો અપનાવવાની તક આપે છે. ઘર, પરિવાર, પડોશીઓ, મિત્રોથી લઈ, દરેક સાથે મધુર સંબંધોની ગાંઠ મજબૂત બનાવવાની તક આપે છે. શુભેચ્છા સંદેશ વડે ભાઈચારો, ભેદભાવમુક્ત સામાજિક તાણાવાણા ગાઢ બને છે. સ્વચ્છતા અને સુઘડતાનો વ્યાપ વિસ્તરે છે. આર્થિક ટૂંકી સ્થિતિ ધરાવનાર તથા ઘરગથ્થુ કામદાર, મજૂર વર્ગને સવેળાએ વેતન, મીઠાઈ, કપડાં કે રોકડ બોનસ મળતાં સહિયારા આનંદ અને સૌહાર્દનાં દર્શન થાય છે.

પરિવારના સભ્યો તેમના વડીલો, અન્ય વરિષ્ઠ સજ્જનોની શુભેચ્છા મુલાકાત કરી, પારસ્પરિક આત્મીય સંબંધોને બળવત્તર બનાવે છે.

**● ધાર્મિકતાની ઓથે તાત્વિકદર્શન તરફ સામાજિક સમજણ :** દીવા પ્રગટાવવાથી અજ્ઞાનરૂપ અધંકાર સામે જ્ઞાનરૂપ પ્રકાશને બળ મળે છે. આ રીતે દિવાળી સમાજ માટે એકતા, પ્રેમ અને સદ્‌ભાવનું પ્રતીક બની રહે છે. દિવાળીનો તહેવાર લોકોને પરોપકારની ભાવના માટે પ્રેરિત કરે છે. ઘણા લોકો જરૂરિયાતમંદ અનાથશ્રમો, વૃદ્ધાશ્રમો, બાળકો, ગરીબોને કપડાં, મીઠાઈ, ભોજન અને આર્થિક સહાય પહોંચાડી ધન્યતા અનુભવે છે. આ પરોપકારી કાર્યોથી સમાજમાં માનવતાનો દીવો પ્રગટે છે. અહીં દિવાળીની સાચા અર્થમાં ઉજવણી એ જ છે કે બીજા લોકોના જીવનમાં

પ્રકાશ ફેલાવી, આત્મિક આનંદ મેળવવાનો આરંભ થાય. આ બાબત ગર્ભિત તાત્વિક દર્શન તરફ ઈશારો કરે છે. આ તહેવાર પંચ દિવસીય સંસ્કાર સિંચન અને મૂલ્ય સંવર્ધનનો સમૂહ ખજાનો છે.

**વાક્-બારસ** જીવનમાં શબ્દ બ્રહ્મ-વાણીના સદ્‌વ્યવહારનો બોધપાઠ આપે છે. **ધનતેરસ** સરસ્વતી, સાહિત્ય, સંગીત, કલા, લક્ષ્મી સાથે ધન્વંતરી વિદ્યાની ઉપાસનાનું પ્રતીક છે. **કાળીચૌદશ** એ શક્તિ સામર્થ્યની કડી છે. **દિવાળી** એટલે લક્ષ્મી, ચોપડા, સરસ્વતી અને ગોવર્ધન પૂજનનો મહિમા અર્પે છે. કુબેરના ભંડાર અને આપણા ધંધા તથા જીવનના નફા-નુકસાનના સરવૈયાને સમજવાની શીખ આપે છે. **નૂતનવર્ષ** ભાઈચારા અને નવસંકલ્પને તથા ભાઈબીજ નારી (બહેન સમાન) સન્માનના મહત્ત્વની યાદ અપાવે છે. કદાચ આ પ્રકારના સામૂહિક-સામાજિક સદ્‌ભાવનો બીજો કયો તહેવાર આટલો સામર્થ્યવાન હશે? એ પણ અચરજનો એક વિષય ગણાય!

● **તહેવારની આર્થિક અને સામાજિક જીવન પર અસર :** દિવાળીના સમયમાં બજારોમાં અદ્‌ભૂત ચહલપહલ જોવા મળે છે. લોકો નવાં કપડાં, સોના-ચાંદીના આભૂષણ, ઘરવખરી ચીજો અને વાહનો ખરીદે છે. વેપારીઓ ઉમંગભેર નવા વર્ષનો આરંભ કરે છે. ખેડૂત પોતાના ખેત ઉત્પાદન થકી પરિશ્રમનું તારણ તારવે છે. મજૂર-શ્રમિક વર્ગને તહેવારના પ્રસંગે અઢળક કામ સાથે બક્ષિસ કે ભેટો મળે છે. કલા, સાહિત્ય, સંગીત અને મનોરંજનનો વૈવિધ્યસભર વૈભવ વિસ્તરે છે.

આથી દિવાળી સમગ્ર માનવજાતના આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક જીવનમાં નવી તાજગી ભરે છે.

● **દિવાળીનો સામાજિક સંદેશો :** દિવાળી આપણા માટે અનેક મૂલ્યવાન સંદેશાઓ લઈને આવે છે. જ્ઞાનનો, પ્રકાશનો, એકતાનો, દાનનો, શાંતિનો સંદેશ, દ્વેષ અને અહંકારનો ત્યાગ કરીને પ્રેમ અને શાંતિ સ્થાપિત કરવી. ❋ સતયુગ, દ્વાપર યુગ, સમુદ્ર મંથન, પદ્મ પુરાણ વગેરેમાં સદ્‌ભાવને ખંગાળે છે. એટલે ધાર્મિક આસ્થા વધે છે. એપિગ્રાફી એની પુષ્ટિ કરે છે. આમ આ તહેવાર સત્વનું દ્યોતક છે.

● **વૈશ્વિક ધરાતલ ઉપર સામાજિક સદ્‌ભાવની ઝાંખી :** ન માત્ર ભારત, દુનિયાના ઘણા ભૂં-ભાગો ઉપર એની આણ વર્તાય છે. ઘર, મંદિર, પવિત્ર સ્થાન, કાર્ય સ્થળોને ઝાલરથી શણગારી, પ્રકાશિત કરી, રંગોળીથી સજાવી, ફટાકડા ફોડી અને મિઠાઈઓ વહેંચી, ફીજી, ગુયાના, મલેશિયા, મ્યાનમાર, નેપાળ, સિંગાપોર, શ્રીલંકા, ત્રિનિનાદ, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને યુ.એસ. વગેરે વગેરે રાષ્ટ્રોમાં એની ઉજવણી અને સહભાગીતામાં સામાજિક સૌહાર્દની ઝલક જોવા મળે છે. આથી વિશેષ કયો માપદંડ હોઈ શકે કે દિવાળી એ માત્ર ભારતનો જ નહીં, વૈશ્વિક તહેવાર ન ગણાય? દિવાળી આપણો અદ્‌ભૂત, અદ્વિતીય અને સૌના સહિયારા સદ્‌ભાવનો તહેવાર છે.

● **પ્રવર્તમાન સમયમાં હળવી ટકોર :** ઘણું સારું હોય ત્યારે, નાની બાબતને અવગણાય નહીં. દિવાળીની ઉજવણીમાં કેટલીક કાળજી તરફ સંકેત. ફટાકડાના અતિરેકથી પ્રદૂષણ વધે છે અને સ્વાસ્થ્ય પર નુકસાનકારક અસર થાય છે. વધારે ખર્ચાળ દેખાવથી ગરીબ-અમીર વચ્ચે અંતર ઊભું થાય છે. આડંબર અને અતિશયતા

(અનુસંધાન પૃષ્ઠ ૩૫ ઉપર)

# શિક્ષક રાહ બતાવે છે.

- અશોક સોમપુરા

આમ તો બધા એમને ખરાબ ટોળકી કહેતા. એ ત્રણેય યુવાનોની ભાઈબંધી સૌને અવાર-નવાર રંજાડતી. એ છોકરાઓ ભારે તોફાની. દરેકની સાથે તકરાર માટેની તક શોધતા રહેતા. તેમને વળી ઉંમર, વ્યક્તિ કે કોઈની પણ સ્થિતિ સાથે શી લેવા દેવા? એ જ્યારે બજારમાં નીકળતા ત્યારે સૌ આઘાપાછા ખસી જતા. જો તેઓ આ તોફાની યુવાન ટોળીને રસ્તો ન આપે તો તો??

એક દિવસ શ્રી હીરાલાલ માસ્તર પોતાનું સ્કૂટર લઈ બજારે નીકળ્યા. ધીમી ગાડી હંકારતા આ માસ્તર પેલા તોફાનીઓની ઝપટમાં આવી ગયા. રસ્તામાં જ પેલા ત્રણ દોસ્તારોમાંથી એક જોરથી રાડ પાડીને બોલ્યો, ''અલ્યા એ ડોસલા મરવાનો થયો છે કે શું? આઘો ખસ, નહિ તો અમે મરી જઈશું કે પછી તારે અમને મારી નાંખવા છે.'' આવા ઘણાંય અસભ્ય અને તોછડાઈભર્યા શબ્દો આ ટોળકીએ તે માસ્તરને કહ્યા.

આવા શબ્દો સાથે એ યુવાનોનું વાહન જોરથી એ માસ્તરના સ્કૂટર સાથે અથડાયું અને જોરદાર અકસ્માત થયો. માસ્તર ફંગોળાઈને એકબાજુ ચત્તાપાટ પડ્યા. સૌ રાહદારીઓ ભેગા થઈ ગયા. સૌએ માસ્તરને ધીમેથી ઊભા કર્યા. તેમને માથામાં અને પગમાં સખત વાગ્યું હતું. આથી તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. માસ્તરની આવી સ્થિતિ જોઈ પેલા યુવાનો ગભરાયા. તેમને ભારે આઘાત લાગ્યો. તેઓ ચિંતામાં પડી ગયા.

ઘાયલ થવા છતાં થોડીવાર પછી માસ્તર થોડા સ્વસ્થ થયા. પરંતુ તેમનું શરીર પીડા આપતું હતું. છતાંય તેઓ પેલા યુવાનોને જોઈ બોલ્યા. ''અરે બેટા! આવું ખરાબ અને અમંગળ શા માટે બોલે છે? હું તો એવું ઈચ્છું કે મારી ઉંમર પણ તમને લાગી જાય. તમે શામાટે મરો? તમે તો તમારા પરિવારના કૂળદીપક અને આ દેશના નાગરિક છો. લો બસ, હવે હું તમારા રસ્તેથી ખસીને એકબાજુ ઊભો રહું છું. હવે તમે સુખેથી જાઓ બેટા!

આવા ઘાયલ થયા હોવા છતાંય તેમની આ નિર્મળ અને શાંત વાણી સાંભળી પેલા તોફાની યુવાનો ભારે આશ્ચર્યમાં પડી ગયા. તેઓ ગળગળા થઈ ગયા. તેમની આંખમાં આંસું આવ્યા. તેઓ વિચારતા રહ્યા કે આ અકસ્માતમાં આપણી સ્થિતિ કેવી થાત. વળી, જે વ્યક્તિને આપણે ઓળખતા પણ નથી. તે વ્યક્તિ આપણાં માટે આટલું સારું અને ભલુ વિચારે છે. અને આપણે?? લોકોને રંજાડીએ છીએ. તે જરાય યોગ્ય નથી. આપણા પરિવાર અને દેશ માટે આપણે ખરેખર અગત્યના છીએ??

તેમની આંખો સાચા અર્થમાં ખુલી ગઈ. તેમને પોતાના આ ખરાબ કૃત્ય બદલ ખૂબ પસ્તાવો થયો. તેમણે હીરાલાલ માસ્તરને પગે લાગી વંદન કર્યા. માસ્તરની હૃદયપૂર્વકની માફી માંગી. અને ભવિષ્યમાં આવું કંઈપણ અયોગ્ય કૃત્ય નહિ કરવાની ખાતરી આપી. ત્યાં એકઠી થયેલી ભીડ પણ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ.

એ પછી એમનું જીવન બદલાયું, સુધર્યું. આમ, હીરલાલ માસ્તરે આ તોફાની યુવાનોની જિંદગી સુધારી દીધી. આજે એ આખો વિસ્તાર હીરાલાલ માસ્તરને અહોભાવની નજરે જુએ છે.

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૩ થી ચાલુ)

તહેવારના સાચા હેતુને નબળો કરે છે. અહીં ઈશારા હી કાફી સમજતા હું.

● **નિષ્કર્ષ-નિચોડ :** 'દિવાળીનો તહેવાર માત્ર દીપ પ્રગટાવવાનો નહીં, પરંતુ હૃદયમાં માનવતાની જ્યોત પ્રગટાવવાની પ્રેરણા આપે છે. તે સમાજને એકતા, પરોપકાર અને સદ્‌ભાવનો સંદેશ આપે છે. જો દરેક વ્યક્તિ દિવાળીને સામાજિક સદ્‌ભાવ દૃષ્ટિકોણથી ઉજવે તો એ આપણા ગામ, શહેર, દેશ અને દુનિયા માટે ઉત્તમ આદર્શ બની શકે છે.

આવો! કોઈના જીવનની અંધકારમય ક્ષણોમાં સ્નેહનો દીવો પ્રગટાવી, આપણે ધન્ય થઈએ.

''અંધકાર અંધકારને દૂર કરી શકતો નથી,
ફક્ત પ્રકાશ જ તે કરી શકે છે.
નફરત નફરતને દૂર કરી શકતી નથી,
ફક્ત પ્રેમ જ તે કરી શકે છે.'' - અજ્ઞાત

(અનુસંધાન પૃષ્ઠ ૧૫ થી ચાલુ)

ધ્યાનપાત્ર આપે છે. તેમના મતે ચિત્રકારી માટે કુદરતી બક્ષિસ તો હોવી જ જોઈએ. શૂન્યમાંથી સર્જન થતું નથી. છેક પ્રયત્નપૂર્વક ચિત્રકાર થવાતું નથી.

શિક્ષણની મર્યાદાની વાત નીકળતાં એમણે મેરબોલીમાં કહેલો સંવાદ કેટલો સચોટ છે! આ રહી એ સંવાદની ઝલક :

''માટી કીં કરતા મોરો પડ્યો?''

''બાપ, ઈણો રદો પોસો પડ્યો.''

''રદો કીં કરતાં પોસો પડ્યો?''

''બહુ ભણો' હતી?''

નિશાળમાં ઓછું ભણેલા પરંતુ જિંદગીમાંથી બહુ ભણેલા આ રંગ-રેખાના રાજવીને દુન્યવી કાટલાથી ન મપાય; એ તો બરડાના કાંઠાની ભૂમિના પ્રાણ. એમના અનૌપચારિક કલા-વિદ્યાર્થી નથુ ગરચર રાજ્ય કક્ષાએ સન્માનિત થયા છે. એમને અરિસિંહજી કહ્યા કરે : ''કલામાં સ્વત્વ આવવું જોઈએ. તમારામાં તાકાત છે; ઉત્પન્ન કરો!''

હાલતી-ચાલતી ડ્રૉઈંગ કૉલેજ જેવા આ કલાશિક્ષક આકાશે તાકીને કહે છેઃ ઘણુંય વહી ચૂકેલી આ જિંદગીમાં હવે તો શું કરી શકું? મુંબઈમાં છે તેવી જે.જે. સ્કૂલ ઑફ આર્ટ અને અમદાવાદની સી.એન. જેવી કલાસંસ્થા પોરબંદરમાં જોવાની ઈચ્છા હજુ તો ફળી નથી! આવી અનેક ઇચ્છાઓના બ્રહ્માંડને કેમ કરીને બથમાં લઈ શકાય?...કર્યું તેટલું કાર્ય પછીયે ઘણું અઘરું લગો છે... કર્યું છે તેથી ફુલાવાનો કોઈ અધિકાર નથી મને; છે તો એક જ અધિકાર છે : સાધનાનો અધિકાર!''

# શાળા નરસંહારના કેન્દ્રો બનશે શું?

- તખુભાઈ સાંડસુર

અમદાવાદની એક ખાનગી શાળામાં વિજ્ઞાન શિક્ષણના સાધનથી નાના છોકરાઓનું ટોળું એકલદોકલ મોટા છોકરાઓ પર હુમલો કરે છે. બાળક ઘાયલ થઈ જાય છે, પરંતુ તેના તરફ કોઈ દૃષ્ટિપાત કરતું નથી. શરીરમાં લોહી ગંઠાવાના કારણે બાળકનું પ્રાણ પંખેરું ઊડી જાય છે. સરસ્વતીનું ધવલ મંદિર રક્ત રંજીત થાય છે. મા સરસ્વતીની આંખ પણ ભીની થઈ ગઈ હશે!! આ ઘટના માત્ર કોઈ એક શાળા મંદિરની નથી, પરંતુ આવતા દિવસોમાં આવો સિલસિલો રોજિંદો બની રહે તો તેમાં કોઈ નવાઈ પામવા જેવું નહીં હોય!! કારણ કે આપણી સમગ્ર શિક્ષણ વ્યવસ્થા જેમાં તમે પૂર્વ પ્રાથમિકથી શરૂ કરીને ઉચ્ચ શિક્ષણ સુધીના તમામ તબક્કાઓને આવરી લઈ જઈ શકો છો તે આખું વાડોલિયું માવજત કરવાને બદલે વાડ વગરનું ખેતર બની ગયું છે. અને તે પણ હવે લગભગ બિનઉપજાઉ જેવું લાગે છે.

ગાંધી થોટ એક્ટિવિટી બેઝ એજ્યુકેશન તરફ અંગુલી નિર્દેશ કરે છે. આપણા અનેક શિક્ષણના ચિંતકો જીવન શિક્ષણ તરફ વધુમાં વધુ ભાર આપી ગયાં. પણ આપણે એટલે કે વાલીઓ અને વાલીઓના ડિમાન્ડ અને સપ્લાયના આધારે ઊભા થયેલાં કારખાના એટલે કે શાળાઓ, પણ હવે જીવન અને જીવિકાને બેમાંથી કોઈના ઉપર પસંદગી ઉતારવી હોય તો જીવિકા તરફ ઉપર આંગળી મૂકે છે. તેનાથી આ વિટંબણાઓ, સમસ્યાઓ સર્જાઈ રહી છે! માત્ર નીતિગત ફેરફારો પોથીમાંના રીંગણ બની રહેશે, જ્યાં સુધી સમરાંગણમાં યુદ્ધના વિજયની ગાથા નહીં લખાય!

શાળા, શિક્ષક અને બાળક એકબીજા સાથે એવી રીતે જોડાયેલાં હોવા જોઈએ કે ત્યાં કોણ કોને છાનો રાખે તે એક સમસ્યા થઈ પડે તેવી હાલત હોવી જોઈએ. પણ શિક્ષણનું વ્યવસાયીકરણ અને નફા-નુકસાનને ધ્યાનમાં રાખીને ઊભી થયેલી દુકાનોમાં ના તો કોઈ શાળા પોતાની માને છે કે પછી વિદ્યાર્થીને શાળા પોતાનો પારિવારિક ગણે છે. કોઈ શિક્ષકને બાળક સાથે કોઈ સ્નેહ તંતુ રાખતો ન હોય કારણ કે તે અહીં કલાકો મુજબ રોકાયેલો રોજમદાર છે! આ બધામાં બાળક સતત પોતાને એકલો, અટુલો અને ઉલઝાયેલો અનુભવે છે. પ્રેમ, કરુણાનો પ્રવાહ જ્યાં ખળખળ નિર્મળ વહેતો અનુભવાય તે શાળા આજે ગેંડાની ચામડી જેવી રુક્ષ બની ગઈ છે. જ્યાં માત્ર પૈસાની લેવડદેવડ માટે મશીનો ચાલે પણ તેમાંથી એક પણ લાગણીની ઝાપલી કે છીંડુ સંવેદના માટે ખુલતું નથી. માટે વિદ્યાર્થીઓ પ્રેમ માટે, સ્નેહ માટે વલખા મારી રહ્યા છે.

આ પૂર્તતા હવે ન તો પરિવાર કરી શકે તેમ છે કે શાળાની તો વાત જ જવા દો! ટેકનોક્રેટ લાઈફ સ્ટાઈલ બાળકને અટુલો અને રેઢો મૂકીને રડાવી રહી છે અને તેથી સર્જાયું છે હિંસાત્મક વાતાવરણ. અહીં જીવનના આચાર કે સંહિતા શીખવવામાં આવતા નથી. સમજના કોઠાઓને ભેદી શકાય, વર્તનના કોઠાઓને જીતાય અને જીવન ઉત્તમ નિર્માણ કરી શકાય તેવું કંઈ નથી. આ સ્થિતિએ દરેકને હિંસા પર ઉતરી આવવા માટે છૂટો દોર આપ્યો છે. યુરોપ, અમેરિકા વગેરેમાં ગન કલ્ચર વિકસ્યું તેમાં આ કારણો જવાબદાર છે. આપણે પરત ફરવાની દરકાર નહીં કરીએ તો આવતા દિવસોમાં આપણી શાળાઓ હિંસાચારી કેન્દ્રો બની જશે!

જીવન હશે તો જીવિકા તો મળી રહેવાની પણ ગમે તેવી જીવિકા તમારા પથને ઉજાળતી હશે પણ તેને માણવાની અને જાણવાની જો પદ્ધતિ એટલે કે જીવન નહીં હોય તો તેને થું થું કરીને થુંકી નાખવા સિવાય કશું જ નહીં હોય. આપણે કોઈ એવી દિશા તરફ પછી તે વાલી હોય, શાળા હોય કે પછી શિક્ષક હોય, વિચારવું જોઈએ કે આપણે આપણાં બાળકને જીવિકા આપવા માંગીએ છીએ કે જીવન આપવા માંગીએ છીએ?? ગુણાંક આપવા માગીએ છીએ કે ગુણ માટે મથામણ કરવા માગીએ છીએ.

આવો, Mark long jump નહીં Life long માટે બાળકોને તૈયાર કરીએ.

(અનુસંધાન પૃષ્ઠ ૨૯ થી ચાલુ)

કરસનદાસે કહેલું 'અભક્ષ્ય ખાવું તેના કરતાં મરવું વધારે સારું.' ધર્માંધ નહીં પણ ધર્મશીલ એવા કરસનદાસનું લીંબડી ખાતે અવસાન થયું. આજે આપણને આવા કરસનદાસોની જરૂર છે ત્યારે કવિ કરસનદાસ માણેકના શબ્દો સાથે વિરમીએ...

કામધેનુને મળે ના એક સૂકું તણખલું
ને લીલાંછમ ખતરો સૌ આખલા ચરી જાય છે!

અંતે...

નાનો શત્રુ હોય કે નાનો જખમ, એની ઉપેક્ષા કરી શકાય નહીં.

- જર્મન કહેવત

---

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ થી ચાલુ)

**ટૂંકાવીને**

- દેશમાં પાંચ વર્ષમાં ૩૭૬૬૩ સરકારી શાળાઓને તાળા લાગ્યા. જ્યારે પ્રાઈવેટ શાળાઓ વધી.
- પી.જી. નીટમાં ૧.૨૮ લાખ વિદ્યાર્થીઓ પાસ થયા. ગુજરાતમાં સાત હજારથી વધુ
- સી.એ.માં હવે ફાઉન્ડેશન કોર્સ માટે વિદ્યાર્થીઓને સ્કોલરશિપ અપાશે.
- ટીચર ટ્રેનિંગ કૉલેજોને નવો ઈન્ટિગ્રેટેડ કોર્સ લાગુ કરવા એક વર્ષની છૂટ અપાઈ.
- શાળાઓના CRC-BRC (સીઆરસી. બીઆરસી કો-ઓર્નિડેટરોને બિનશૈક્ષણિક કામ ન સોંપવા શિક્ષણ પરિષદની સૂચના)
- CMA ઈન્ટરનુ ૧૮.૬૭ અને ફાઈનલનું ૨૧.૩૪ ટકા પરિણામ
- નોન ક્લિનિકલ વિષયોમાં કૉલેજો ૩૦ ટકા બિનતબીબી શિક્ષકો રાખી શકશે.

# સર્વગુણ સંપન્ન શાક - કંટોલા કે કંકોડા

- ડૉ. પ્રવીણ મકવાણા - 'ગાફેલ'

**તંત્રી નોંધ :** શિક્ષણની સાથે બાળકોના આરોગ્ય અંગે પણ આપણે સજાગ રહેવું જરૂરી છે. એ હેતુને ધ્યાનમાં રાખી અહીં બાળકોને કેવા શાકભાજી-ખોરાક આપવા જોઈએ, તે અંગેની - 'કંકોડા' - શાકની માહિતી આપતો લેખ અહીં પ્રસ્તુત છે. સર્વ વાચકોને એ ગમશે એવી અમને આશા છે. **- તંત્રીઓ**

ચોમાસાની ઋતુમાં જે શાક ખાવું એક લ્હાવો છે તે શાક એટલે કંટોલા. આ કંટોલા એટલે સંજીવની. વડીલો પાસેથી સાંભળતા આવ્યા છીએ કે મોસમ પ્રમાણેનો આહાર જ તંદુરસ્ત સ્વાસ્થ્યની ગુરુચાવી છે. હાલમાં તો પ્રત્યેક ફળફળાદિ સ્વાદને ધ્યાનમાં રાખીને જ લોકો ખાતા હોય છે. આર્યુર્વેદમાં પણ ઉલ્લેખ જોવા મળે છે કે ઋતુ પ્રમાણેનો આહાર જ શ્રેષ્ઠ ગણાય છે. ચોમાસાની શરૂઆત થાય તેની સાથે ખાસ ફળફળાદિ તથા શાકભાજી બજારમાં જોવા મળે. જેમ કે કારેલાં, ભીંડાં, કૂણું આદું, કંટોળા તો ફળમાં રાસબરી-પ્લમ, જાંબુ વગેરે. કંટોલા વરસાદી ઋતુમાં જ બજારમાં જોવા મળે છે. અનેક સ્વાદપ્રેમી વરસાદી મોસમમાં કંટોલાની આતુરતાથી રાહ જોતા હોય છે. જેવાં કંટોલા દેખાયાં કે તરત જ તેનું શાક ચાર મહિના નિયમિત ધરાઈને ખાતા હોય છે.

શું આપ પણ કંટોલાના શોખીન છો? તો જાણી લો કંટોલાનો ઉપયોગ આહારમાં કરીને આરોગ્યના ફાયદા. તેને શરીરમાં લોહી બનાવવાનું મશીન પણ કહેવામાં આવે છે. મોટા ભાગે તો કંટોલાની છાલને હળવેથી છોલીને તેનું શાક બનાવવામાં આવે છે. તો કંટોલાની વિવિધ વાનગી પણ બનાવી શકાય છે. જેમ કે, કંટોલાનું શાક, કંટોલાનાં ભજિયાં, કંટોલાની ચિપ્સ પણ બનાવી શકાય છે. કંટોલાનું અથાણું પણ બનાવી શકાય છે. કંટોલાનું રસાવાળું શાક પણ બનાવીને ખાવામાં આવે છે.

કંટોલાનું વૈજ્ઞાનિક નામ મોમોરડીકા ડાયોઈકા (Momordica dioica) છે અને તે કુકરબીટેસી (Cucurbitaceae) કુળની વનસ્પતિ છે. અંગ્રેજીમાં જેને સ્પાઈન ગૉર્ડ, સંસ્કૃતમાં પીતપુષ્પા, કર્કોટકી કે મહાજાલ, હિન્દીમાં ખેકસા કે કંકોડા, આસામીમાં બટકરીલા, તેલુગુમાં આગાકર, તમિલમાં એગારવલ્લી, બંગાળીમાં બોનકરેલા, મરાઠીમાં કર્ટોલી કે કંટોલે, પંજાબીમાં ધારકરેલા કે કિરર તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતીમાં કંટોલા કે કંકોડાં તરીકે ઓળખાતું શાક 'સર્વગુણ સંપન્ન' શાક કહેવાય છે. તે સર્વગુણ સંપન્ન શા માટે કહેવાય છે? તેવો પ્રશ્ન આપના મનમાં થતો હોય તો ચાલો કંટોલાની ખાસ વાતો જાણી લઈએ.

કંટોલા બહુવર્ષાયુ અને દ્વિસદની સૂત્રરોહિ પ્રકારની વનસ્પતિ છે. (દ્વિસદની એટલે કે નર કંટોલા અને માદા કંટોલાની વેલ અલગ અલગ હોય છે.) પર્ણના આધાર પાસે આરોહણ માટે સૂત્ર (તંતુ) આવેલા હોય છે. બંને પ્રકારનાં વેલાના પર્ણ અને રચના અલગ અલગ હોય છે.

નર ફૂલ પીળા રંગનું, તેમાં ફક્ત પુંકેસર અને નિપત્ર આવેલું હોય છે. માદા ફૂલો પણ પીળા રંગના અને ફક્ત સ્ત્રીકેસર ધરાવે છે. ફલન માટે નર કંટોલાના વેલા હોવા જરૂરી છે. ફળ લંબગોળ અને સપાટી ખરબચડી અને માંસલ હોય છે. ફળો કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે પીળાશ પડતાં કેસરી રંગના બને છે અને અંદરના બીજ ઘેરા લાલ રંગના જોવા મળે છે. તેને બીજ અને કંદ વડે ઉછેરી શકાય છે.

નાનાં અમથાં, દેખાવમાં લીલાછમ, સ્વાદની વાત કરીએ તો લાજવાબ, સ્વાસ્થ્યની દૃષ્ટિએ જોઈએ તો અનેક ગુણોનો ખજાનો છુપાયેલો જોવા મળે. શક્તિવર્ધક તાકાતવાન બનાવનાર શાક એટલે જ કંટોલા તેવી પણ ઉપમા તેને આપવામાં આવી છે. પ્રકૃતિએ જ્યારે લીલીછમ જાજમ ચારેતરફ બિછાવી હોય તેવી મોસમ એટલે જ ચોમાસું. ચોમાસામાં જ ખાસ ઊગતાં કંટોલા દખાવમાં પણ આકર્ષક લાગતાં હોય છે. થોડાં વર્ષો પહેલાં કંટોલાની વાત નીકળે એટલે નાનું નાનું લીલુંછમ કુદરતની કરામત ધરાવતું શાક આંખો સમક્ષ દેખાય. હવે તો કંટોલા પણ નાના જામફળની સાઈઝના ખેડૂતો ઉગાડવા લાગ્યા છે. તેની વેલ ધીમે ધીમે ઊગે છે. મીઠાં કારેલાં તરીકે ઓળખાતું શાક એટલે જ કંટોલા. કંટોલાના વિવિધ ફાયદા જાણ્યા બાદ સર્વગુણ સંપન્ન શાકની ખેતી દેશ-વિદેશમાં મોટા પ્રમાણમાં ખેડૂતો કરવા લાગ્યા છે. ભારતના પહાડી વિસ્તારમાં કંટોલાની ખેતી મોટા પ્રમાણમાં કરવામાં આવતી હોય છે. સામાન્ય રીતે શરીરની તાકાત વધારવા માટે વિવિધ સપ્લિમેન્ટનો સહારો લેવામાં આવતો હોય છે. આપને જાણીને આશ્ચર્ય થશે કે ફક્ત ચોમાસાની મોસમમાં જ મળતાં કંટોલાનો થોડા દિવસો પૂરતો આહારમાં ઉપયોગ કરવાથી શરીરમાં શક્તિનો સંચાર થવા લાગે છે.

આયુર્વેદમાં પણ કંટોલાના અગણિત ફાયદા જણાવવામાં આવ્યા છે. તેનું શાક જ નહીં, પરંતુ તેનાં પાંદડા તથા મૂળના ફાયદા પણ આયુર્વેદમાં જણાવવામાં આવ્યા છે. માંસથી ૫૦ ગણી વધુ તાકાત કંટોલામાં સમાયેલી હોય છે. તે પ્રોટીનનો ખજાનો ગણાય છે. જો થોડા દિવસ તેનું સેવન કરવામાં આવે તો શરીરમાં શક્તિનો સંચાર થઈ જાય છે. શરીર લોખંડી બની જાય છે.

- કંટોલાના સ્વાસ્થ્યવર્ધક ફાયદા
- ગર્ભાવસ્થામાં ગુણકારી ગણાય છે.

ગર્ભાવસ્થા દરમિયાન શરીરમાં અનેક મહત્ત્વપૂર્ણ બદલાવ કે સ્થિતિ ઊભી થતી જોવા મળે છે. જેમાં એક છે ન્યુરલ ટ્યુબ ડિફેક્ટ્સ. તાજાં કંટોલોનો આહારમાં ઉપયોગ કરવાથી શરીરમાં વિટામિન બી, વિટામિન સીની માત્રા જળવાઈ રહે છે. શરીરમાં કોશિકાના વિકાસ માટે ગુણકારી ગણાય છે. ગર્ભવતી મહિલા ગર્ભાવસ્થા દરમિયાન કંટોલાનું સેવન કરે તો ન્યુરલ ટ્યુબ ડિફેક્ટ્સની સંભાવના ઓછી થઈ જાય છે.

- **ત્વચા માટે પણ ફાયદાકારક**

કંટોલામાં બિટા-કેરોટિન, અલ્ફા-કેરોટિન, લ્યુટેન તથા જેક્સેથિન્સ જેવા ફલેવોનોઈડ્સ સમાયેલા જોવા મળે છે. વધતી વયને અટકાવવા માટે તથા ત્વચા ઉપર પડતી કરચલીને અટકાવવા પણ કંટોલાનો આહારમાં પ્રમાણભાન સાથે ઉપયોગ હિતકારી ગણાય છે.

- **વજન ઘટાડવામાં લાભદાયી**

કંટોલામાં ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં

સમાયેલી જોવા મળે છે. આથી ભોજનમાં તેનો ઉપયોગ કરવાથી લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. અકારણ ખાવાની આદતથી બચી શકાય છે. કંટોલામાં કૅલરીનું પ્રમાણ અત્યંત ઓછું જોવા મળે છે. આથી વજન ઘટાડવા માગતા લોકો માટે તો કંટોલા એક ઔષધિ જેવા અસરકારક ગણાય છે.

**● કૅન્સરથી બચવા ઉપયોગી**

કંટોલામાં લ્યુટેન સહિત અન્ય કેટલાંક કૅન્સર વિરોધી સત્ત્વ સમાયેલાં જોવા મળે છે જે કૅન્સરથી બચાવે છે. પરિણામે વર્ષાઋતુમાં મળતાં કંટોલાને સપ્તાહમાં ત્રણથી ચાર વખત ખાવાની સલાહ નિષ્ણાતો આપતા હોય છે.

**● શરદી-તાવમાં ગુણકારી**

મોસમમાં બદલાવને કારણે અનેક વખત શરદી-તાવની ફરિયાદ આમ વાત બની જાય છે. આવા સંજોગોમાં કંટોલાનો ઉપયોગ લાભકારી ગણવામાં આવે છે. કંટોલામાં ઍન્ટિ-એલર્જિક, એનાલ્જેસિક ગુણ સમાયેલા જોવા મળે છે. આથી શરદી-તાવ કે ખાંસી જેવી બીમારીમાં ગુણાકારી ગણાય છે. કબજિયાત કે અપચાની ફરિયાદ ધરાવતા લોકો માટે પણ ચોમાસામાં કંટોલાનું સેવન રામબાણ ઈલાજ માનવામાં આવે છે.

**● આંખોની તંદુરસ્તી માટે લાભકારક**

કંટોલામાં ભરપૂર માત્રામાં વિટામિન-એ સમાયેલું જોવા મળે છે. વિટામિન-એ આંખો માટે અતિ ગુણકારી ગણાય છે. આથી ચોમાસામાં કંટોલાનું સેવન કરવું હિતાવહ ગણાય છે. આંખોનું તેજ વધારવામાં મદદ કરે છે.

**● પથરીની સમસ્યામાં ઉપયોગી**

એવું કહેવાય છે કે પથરીની સમસ્યામાં કંટોલાના બીજના પાઉડરનો ઉપયોગ આહારમાં કરવાથી પથરીની સમસ્યામાં રાહત મળે છે. કંટોલાના બીજનો પાઉડર બનાવીને એક ગ્લાસ દૂધમાં તેને ભેળવી દેવો. ગરમા ગરમ દૂધમાં ભેળવીને પીવાથી પથરીમાં રાહત મળે છે. કંટોલાના ઔષધીય ગુણોને કારણે મૂત્રાશયમાં પથરીની સમસ્યા હોય તો તેમાંથી રાહત મળે છે.

**● ડાયાબિટીસના દર્દી માટે ગુણકારી**

ડાયાબિટીસના દર્દીમાં લોહીમાં શર્કરાની માત્રા વધી જાય તો તેમને શરીરમાં તકલીફ થવા લાગે છે. તેમને ઇન્સ્યુલિન લેવું પડે છે. કંટોલાના છોડમાં જ ઇન્સ્યુલિનની માત્રા સમાયેલી છે. જેમાં ફાઇબર તથા પાણીની માત્રા વધુ સમાયેલી હોય તેવો ખોરાક ડાયાબિટીસના દર્દી માટે શ્રેષ્ઠ ગણાય છે. કંટોલામાં ફાઈબર તથા પાણીની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે.

**● બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ**

કંટોલામાં મોમોરડીસિન તથા ફાઇબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે જે બ્લડપ્રેશરના દર્દીઓ માટે રામબાણ ઈલાજ ગણવામાં આવે છે.

**નોંધ :** શાકભાજીમાં પ્રાકૃતિક પાણીની માત્રા હોય છે. તેને ફક્ત તેલમાં પકાવવાથી પાણીની માત્રા નષ્ટ થઈ જાય છે. આથી શાકની કડાઈમાં જરૂર પ્રમાણે પાણી મૂકીને કડાઈ ઉપર પાણીની પ્લેટ ઢાંકીને શાક બનાવવાથી તેમાં રહેલું પાણી જળવાઈ રહે છે. પૌષ્ટિકતા પણ જળવાય છે. આથી શાકને ઢાંકીને થાળીમાં ઉપર પાણી રાખીને ચડાવવું વધુ ગુણકારી ગણાય છે.

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**ગુજરાતમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકની ૯૦ સરકારી શાળાઓ શરૂ કરવામાં આવશે.**

ગુજરાત સરકાર દ્વારા ચાલુ નાણાંકીય વર્ષના બજેટમાં કરેલી જોગવાઈઓ મુજબ રાજ્યમાં નવી સરકારી શાળાઓ શરૂ કરવા માટેનો ઠરાવ થયો છે. જેમાં ૮૫ માધ્યમિક અને પાંચ ઉચ્ચત્તર માધ્યમિકની શાળાઓ રહેશે. પાંચ ઉચ્ચત્તર માધ્યમિકની શાળાઓમાં ૩ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ છે. સ્કૂલ દીઠ બે શિક્ષણ સહાયક સાથે ૧૭૦ શિક્ષણ સહાયકોની અને ૧૮૦ (એકસો એંસી) વહીવટી કર્મચારી સહિતની ૩૫૦ નવી જગ્યાઓ પણ મંજૂર કરાઈ છે. જેમાં કેટલીક આઉટ સોર્સિંગથી અને કેટલીક સીધી ભરતીથી ભરાશે.

**બિન આદિજાતિ વિસ્તારમાં કયા જિલ્લામાં કેટલી શાળાઓ**

| જિલ્લો | નવી શાળા | જિલ્લો | નવી શાળા | જિલ્લો | નવી શાળા |
|---|---|---|---|---|---|
| સૂરત | ૦૫ | મહેસાણા | ૦૨ | રાજકોટ | ૦૪ |
| ખેડા | ૦૪ | અરવલ્લી | ૦૧ | સોમનાથ | ૦૩ |
| ગાંધીનગર | ૦૨ | કચ્છ | ૦૫ | પંચમહાલ | ૦૧ |
| વડોદરા | ૦૬ | પાટણ | ૦૩ | **નવી શાળાઓ** | **૭૦** |
| બનાસકાંઠા | ૧૪ | જૂનાગઢ | ૦૨ | | |
| આણંદ | ૦૧ | સાબરકાંઠા | ૦૨ | | |
| મહિસાગર | ૦૧ | સુરેન્દ્રનગર | ૦૪ | | |
| ભરૂચ | ૦૧ | મોરબી | ૦૨ | | |
| જામનગર | ૦૨ | અમદાવાદ | ૦૨ | | |

**ધોરણ ૩ થી ૮માં હવે ત્રિમાસિક કસોટી લેવાશે**

પ્રાથમિક શિક્ષણમાં મૂલ્યાંકન પદ્ધતિમાં ફેરફારો માટે સરકારે રચેલી ટાસ્ક ફોર્સ કમિટીની ભલામણો બાદ સરકારે ધોરણ-૩ થી ૮ની પરીક્ષા-પરિણામ-મૂલ્યાંકન પદ્ધતિઓમાં ફેરફાર કર્યો છે. જેમાં એકમ (પખવાડિક) કસોટીઓની પદ્ધતિ રદ કરી દેવાઈ છે. હવે આ વર્ષથી ત્રિ-માસિક કસોટી પદ્ધતિ દાખલ કરાઈ છે. જેમાં પ્રાથમિક ત્રિ-માસિક કસોટી ઑગસ્ટમાં થશે. આ પરીક્ષાના ગુણ ફાઈનલ પરીક્ષામાં ગણાશે.

**સંખ્યા શૂન્ય હોય તેવી સરકારી પ્રાથમિક શાળા બંધ થશે.**

સરકાર દ્વારા તમામ ડીપીઈઓ અને કોર્પોરેશનની શાળાના શાસનાધિકારીઓને પરિપત્ર કરી આદેશ કરાયો છે કે જે પ્રાથમિક શાળામાં શૂન્ય બાળકો હોય તેવી શાળાઓને તાત્કાલિક અસરથી બંધ કરવી. સરકારના ઠરાવ મુજબ મુખ્ય શિક્ષકની બદલી અંગેના નિયમો પ્રમાણે મુખ્ય શિક્ષક શાળાના આચાર્યએ મહેકમ નક્કી કરવાનું છે.

**સરકાર ૯ થી ૧૨ની ગ્રાન્ટેડ શાળાઓને માળખાગત સુવિધાની ગ્રાન્ટ આપશે :**

મિશન સ્કૂલ ઑફ એકસેલન્સ ૨.૦ અંતર્ગત રાજ્યની ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને માળખાકીય સુવિધા માટે હવે રાજ્ય સરકાર આર્થિક સહાય આપશે. રાજ્ય સરકાર હાલ ગ્રાન્ટેડ શાળાઓને નિભાવ ગ્રાન્ટ અને પગાર ગ્રાન્ટ જ આપે છે. પરંતુ પ્રથમવાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે પણ ગ્રાન્ટ આપશે.

આ ગ્રાન્ટમાં ખૂટતા વર્ગખંડ માટે બાંધકામ, વિશિષ્ટ ખંડોના નિર્માણ, નવા ટોયલેટ બ્લોક્સ્, પીવાના પાણીની સુવિધા તેમજ દિવ્યાંગ છાત્રો માટે સરકાર ઓછામાં ઓછી દસ લાખ અને વધુમાં વધુ દોઢ કરોડ રૂપિયા સુધીની મર્યાદામાં ગ્રાન્ટ આપશે. આ સહાય દરખાસ્ત કરનારી ગ્રાન્ટેડ શાળાઓને કુલ ખર્ચની રકમમાંથી એંસી ટકા સરકાર આપશે અને વીસ ટકા જે તે શાળાના ટ્રસ્ટે ભોગવવાની રહેશે.

**ગુજરાતમાં ધોરણ ૯ થી ૧૦માં વિદ્યાર્થી ડ્રોપ આઉટ રેટ ચાર ટકાથી વધુ ઘટ્યો :**

કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા ૨૦૨૪-૨૫ના વર્ષના યુડાયસ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં એનઈપી અને એક્ઝિસ્ટિંગ એમ બે રિપોર્ટ જાહેર કરાયા છે. એક્ઝિસ્ટિંગ રિપોર્ટ મુજબ ગુજરાતમાં ધોરણ ૯ થી ૧૦માં વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશિયો ચાર ટકાથી પણ વધુ ઘટ્યો છે. જ્યારો ધોરણ ૧૧-૧૨માં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ૩ ટકાથી વધુ વધ્યો છે. જો કે બીજી બાજુ ધોરણ ૬ થી ૮માં ડ્રોપ આઉટ રેટ ઘટવાને બદલે વધ્યો છે. ધોરણ ૧ થી ૮માં ૨૦૨૩-૨૪માં એનરોલમેન્ટ રેશિયો ૮૪.૮ ટકા હતો. જે ૨૦૨૪-૨૫માં ૮૪.૬ ટકા નોંધાયો છે. ધોરણ ૯ થી ૧૦માં એનરોલમેન્ટ રેશિયો ૭૪.૪ ટકા હતો. જે વધીને ૭૪.૭ ટકા થયો છે. ગુજરાતમાં પ્રિ-પ્રાયમરીથી લઈને ધોરણ-૧૨ સુધીમાં કુલ ૧૧૪૯૬૭૦૯ વિદ્યાર્થીઓ ૨૦૨૩-૨૪માં હતા. જે ૨૦૨૪-૨૫માં વધીને ૧૧૫૦૧૩૨૮ થયા છે. ગુજરાતમાં સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં અને નવા પ્રવેશમાં વધારો થયો છે.

(અનુસંધાન પૃષ્ઠ ૩૭ ઉપર)

**તા.૧૨/૯/૨૦૨૫, શુક્રવારે શ્રેણી ૭ અને ૮ના ૮૮ વિદ્યાર્થીમિત્રોએ સાયન્સ સીટીની મુલાકાત લીધી હતી. ત્રણ પસંદગી પામેલા વિદ્યાર્થીમિત્રોને પ્રોજેક્ટ માટે સાધનસામગ્રી આપી હતી. તેના વડે યોગ્ય પ્રોજેક્ટ તૈયાર કરી સાયન્સ સીટી મોકલવામાં આવશે.**









## ડૉ. રક્ષાબેન દવેના વિશિષ્ટ શૈલીના ચિત્રો



ઘરશાળા
ઑક્ટોબર - ૨૦૨૫

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૦૦/-



## દિવાળી

'ઈલા, દિવાળી! દીવડા કરીશું;
તારા સર્યા વ્યોમ થકી અહીં શું?
કેવા ફટાકા આ અહીં ફૂટે છે!
આ કાનના તો પડદા તૂટે છે.'
'સુણ્યા નથી તેં વીજના કડાકા?
એ સ્વર્ગમાંના ફૂટતા ફટાકા!
ત્યાં વાદળવાદળીઓ અફાળી
સૌ દેવબાલો ઊજવે દિવાળી.'
'તું બ્હેન જ્યારે કદી લે અબોલા,
ઝીલું ન તારાં વચનો અમોલાં;
મૂંગા ફટાકા દિલમાં હી ફૂટે
ને એ સમે તો ઉરતંતુ તૂટે.'

— ચંદ્રવદન મહેતા

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું